**આજનો સુવિચાર**

જીવનમાં તમારી પાસે કંઈ બચ્યું જ ન હોય તો પણ ભવિષ્ય તો તમારા હાથમાં જ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૨૩ જૂનાગઢ તા.૧૧-૫-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 123, Junagadh : Date : 11 May, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# મહારાષ્ટ્ર મામલે સુપ્રિમ કોર્ટે ઉધ્ધવની તરફેણમાં ચુકાદો આપ્યો હોવા છતાં મુખ્યમંત્રી નહી બની શકે

## સુપ્રિમ કોર્ટનું નિરીક્ષણ : જો ઉધ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રીપદેથી રાજીનામુ ન આપ્યું હોત તો તેની સરકારની બહાલ કરી દેત : રાજયપાલે પાર્ટી બનવું જોઈએ નહી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૧

મહારાષ્ટ્ર મામલે સુપ્રિમ કોર્ટની પાંચસભ્યોની બનેલી ખંડપીઠે આજે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા કહયું હતું કે, મહારાષ્ટ્રનાં રાજયપાલનો નિર્ણય ગેરબંધારણીય હતો, રાજયપાલે પાર્ટી બનવું જોઈએ નહી. સુપ્રિમ કોર્ટે વધુમાં એમ પણ કહયું કે, મહારાષ્ટ્ર વિધાનસભામાં ફલોર ટેસ્ટ કરાવવાનો રાજયપાલનો નિર્ણય ખોટો હતો પરંતુ અમે હાલમાં ઉધ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી પદે બહાલ કરી શકતા નથી જો ઉધ્ધવ ઠાકરેએ રાજીનામુ ન આપ્યું હોત તો અમે તેમને મુખ્યમંત્રી પદે બહાલ કરી દેત. તેવી ટીપ્પણી કરતા સુપ્રિમ કોર્ટે વધુમાં કહયું કે, મહારાષ્ટ્રનાં ૧૬ ધારાસભ્યોની અયોગ્યતાનો ફેસલો સ્પીકર કરે, તદ ઉપરાંત આ મામલાને વધુ સુનાવણી માટે પાંચ સભ્યો કરતા વધારે મોટી બેંચ સમક્ષ મોકલવાનો પણ સુપ્રિમ કોર્ટે આદેશ કર્યો છે. જો કે એ વાત સ્પષ્ટ છે કે, સુપ્રિમ કોર્ટનાં ચુકાદા છતાં પણ મહારાષ્ટ્રની શિંદે સરકારને કોઈ આંચ આવશે નહી. શિંદે સરકાર મોટી ઘાતમાંથી બચી ગઈ છે તેવું વરીષ્ઠ વકીલોએ જણાવેલ છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે પક્ષમાં વિભાજનના કિસ્સામાં, કોઈ પણ જૂથ અયોગ્યતાથી બચી શકશે નહીં કારણ કે તે વાસ્તવિક પક્ષ છે. બંધારણીય સુધારા પછી પક્ષમાં ભંગાણના કિસ્સામાં સંખ્યાત્મક તાકાત ટાંકીને અયોગ્યતા ટાળી શકાતી નથી. આ નિર્ણયથી શિંદે સરકાર પર કોઈ અસર નહીં થાય.

સુપ્રીમ કોર્ટે આજે મહારાષ્ટ્રની શિંદે સરકારના ભાવિનો નિર્ણય કરતા સુપ્રિમ કોર્ટે કહ્યું કે પક્ષમાં વિભાજનના કિસ્સામાં, એક જૂથ અયોગ્યતાથી બચી શકે નહીં કારણ કે તે વાસ્તવિક પક્ષ છે. બંધારણીય સુધારા પછી પક્ષમાં ભંગાણના કિસ્સામાં સંખ્યાત્મક તાકાત ટાંકીને અયોગ્યતા ટાળી શકાતી નથી. જો કે આ નિર્ણયથી શિંદે સરકાર પર કોઈ અસર નહીં થાય.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે વ્હીપ જારી કરવાનો અધિકાર રાજકીય પક્ષના નેતાને છે, ધારાસભ્ય પક્ષના નેતાને નહીં. કોર્ટે એમ પણ કહ્યું કે સ્પીકર વતી ચીફ વ્હીપની નિમણૂક કરવી ખોટું છે. સુપ્રિમ કોર્ટે નિર્ણય લીધો કે જો સ્પીકર વિરુદ્ધ હટાવવાનો પ્રસ્તાવ પેન્ડિંગ હોય તો તે ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગે નિર્ણય લઈ શકે નહીં.

બીજી તરફ ચૂંટણી ચિન્હને લઈને સુપ્રીમ કોર્ટે કહ્યું કે ચૂંટણી પંચને ચિહ્ન નક્કી કરવાથી રોકી શકાય નહીં. તેમને તેમની બંધારણીય જવાબદારી નિભાવતા રોકી શકાય નહીં. કોર્ટે કહ્યું કે જો રાજ્યપાલને લાગે છે કે સરકાર અવિશ્વાસના મતથી બચવા માંગે છે, તો તેમને ફલોર ટેસ્ટનો આદેશ આપવાનો અધિકાર છે, તો સરકારની સંમતિની જરૂર નથી.

કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે તે સમયે વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું ન હતું, વિપક્ષ દ્વારા અવિશ્વાસ પ્રસ્તાવ પણ આપવામાં આવ્યો ન હતો, રાજયપાલ દ્વારા મળેલી દરખાસ્તથી સાબિત થયું નથી કે તે તમામ ધારાસભ્યો સરકારમાંથી સમર્થન પાછું ખેંચી રહ્યા છે. કોર્ટે રાજ્યપાલની ભૂમિકા પર સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટે કહ્યું કે તેમની પાસેથી રાજકારણનો ભાગ બનવાની અપેક્ષા નથી. જો પક્ષમાં કોઈ આંતરિક વિખવાદ હોય તો તેને ઉકેલવા માટે ફલોર ટેસ્ટનો રસ્તો હોઈ શકે નહીં.

સુપ્રીમ કોર્ટે શિંદે જૂથ અને ઉદ્ધવ જૂથના કેસને મોટી બેંચને મોકલ્યો, ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાનો નિર્ણય સ્પીકર કરશે.

# ઉપ રાજયપાલ નહી પરંતુ મુખ્યમંત્રી જ દિલ્હીનાં અસલી બોસ : સુપ્રિમ કોર્ટનો ઐતિહાસીક ચુકાદો

## દિલ્હીનાં મુખ્યમંત્રી અને ઉપરાજયપાલની સત્તા બાબતેનાં કેસમાં સુપ્રિમ કોર્ટે દિલ્હી સરકારનાં પક્ષમાં નિર્ણય આપ્યો : કેજરીવાલે ટવીટ કરીને ચુકાદાને પોતાની જીત ગણાવી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૧

દિલ્હીના બોસ કોણ...મુખ્યમંત્રી કે ઉપરાજ્યપાલ? ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચેઆજે આ અંગે ચુકાદો આપ્યો હતો. કોર્ટે આ મામલે ૧૮ જાન્યુઆરીના રોજ સુનાવણી પૂર્ણ કરીને ચુકાદો અનામત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે દિલ્હી સરકારને ઓફિસરોની ટ્રાન્સફર અને પોસ્ટિંગનો અધિકાર છે. આ મામલે દિલ્હી સરકારની મોટી જીત થઈ છે. જો કે સુપ્રિમ કોર્ટે કહ્યું કે જમીન, કાયદો-વ્યવસ્થા અને પોલીસનો અધિકાર કેન્દ્ર પાસે રહેશે.

સુપ્રીમ કોર્ટના ચુકાદાની મહત્વનાં મુદાઓ આ પ્રમાણે છે.

- દિલ્હી અન્ય કેન્દ્રશાસિત પ્રદેશો કરતા અલગ છે કારણ કે અહીં એક ચૂંટાયેલી સરકાર છે. દિલ્હી સરકારને એ જ શક્તિઓ છે જે દિલ્હી વિધાનસભાને મળેલી છે. પ્રશાસનિક વ્યવસ્થા ચૂંટાયેલી સરકાર પાસે હોવી જોઈએ.

- એક્ઝિક્યુટિવ મામલે અધિકાર એલજી પાસે. ઉપરાજ્યપાલ દિલ્હી સરકારની સલાહ અને સહાયતા સાથે કામ કરશે.

-આદર્શ સ્થિતિએ હશે કે દિલ્હી સરકારને અધિકારીઓ પર નિયંત્રણ મળે. પોલીસ અને કાયદો વ્યવસ્થા તથા જમીન જે દિલ્હી સરકારના દાયરામાં નથી આવતા તે સિવાય અન્ય અધિકારીઓ પર અધિકાર દિલ્હી સરકારને મળવા જોઈએ.

- ચીફ જસ્ટિસે ચુકાદો વાંચતા કહ્યું કે જો રાજ્ય સરકારનું પોતાના આધિન અધિકારીઓ પર નિયંત્રણ નહીં હોય તો તેઓ ઠીકથી કામ કરશે નહીં. તેઓ સરકારની વાત નહીં માને.

- જો ચૂંટાયેલી સરકાર હોય તો તેને શક્તિ મળવી જોઈએ.

અત્રે જણાવવાનું કે આ અગાઉ દિલ્હી સરકારનો એ તર્ક હતો કે કેન્દ્ર હકીકતમાં તેમની અને સંસદ વચ્ચેના અંતરને ખતમ કરવા માંગે છે. પરંતુ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન કેન્દ્ર તરફથી હાજર થયેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે દુનિયા માટે દિલ્હીને જોવું એટલે ભારતને જોવું. તેમણે કહ્યું કે દિલ્હી રાષ્ટ્રીય રાજધાની છે, આથી એ જરૂરી છે કે કેન્દ્રની પાસે પોતાના પ્રશાસન પર વિશેષ અધિકાર હોય અને મહત્વના મુદ્દાઓ પર નિયંત્રણ હોય.

કેન્દ્ર સરકારે ૨૦૨૧માં ગવર્મેન્ટ ઓફ એનસીટી ઓફ દિલ્હી એક્ટ (GNCTD Act) પાસ કર્યું હતું. જેમાં દિલ્હીના ઉપરાજ્યપાલને કેટલાક વધુ અધિકાર અપાયા હતા. આમ આદમી પાર્ટીએ આ કાયદા હેઠળ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આમ આદમી પાર્ટી અવારનવાર કેન્દ્ર સરકાર પર ચૂંટાયેલી સરકારના કામકાજમાં વિઘ્ન નાખવા માટે ઉપરાજ્યપાલનો ઉપયોગ કરવાનો આરોપ લગાવતી આવી છે.

# કર્ણાટકનાં એકઝીટ પોલથી ભારે સસ્પેન્સ : કોંગ્રેસ - ભાજપની છાવણી એલર્ટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૧

કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણીનાં મતદાન બાદ પણ એકઝીટ પોલે હવે પરિણામનું સસ્પેન્સ વધારી દીધુ છે અને તા.૧૩ના વાસ્તવિક પરિણામો આ એકઝીટ પોલ મુજબ આવે તો શું તે નિશ્ચીત કરવા ભાજપ અને કોંગ્રેસ પક્ષે તેની રણનીતિ બનાવટનો પ્રારંભ કર્યો છે.

એકઝીટપોલ ભાગ્યેજ કોઈ પાસે ભાજપને બહુમતી મેળવતો કે પછી ૨૦૧૮ની માફક સૌથી મોટા પક્ષ તરીકે દર્શાવ્યા છે પણ પક્ષ હજું પણ કહે છે કે આ ફકત એકઝીટ પોલ છે અને વાસ્તવિક પરિણામો અમારી જીતના હશે. કુલ ૮ એકઝીટ પોલમાં સાતમાં કોંગ્રેસની સરસાઈ તથા ત્રણમાં કોંગ્રેસને બહુમતી દર્શાવાઈ રહી છે

જયારે ભાજપને ફકત એક જ એકઝીટ પોલમાં સૌથી મોટા પક્ષ સાથે વિજેતા દર્શાવ્યા છે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ એકઝીટ પોલ બાદની રણનીતિ ઘડવા માટે આગામી ૨૪ કલાકમાં ભાજપની કોર ગ્રુપની બેઠક મળશે અને સરકાર રચવાના ‘જાદુગર’ બી.એસ.યેદીયુરપ્પા પર ભાજપનો આધાર છે. જનતાદળ (એસ) ફરી સતાની ચાવી મેળવે તો પણ હવે કોંગ્રેસ પક્ષ ૨૦૧૮નો જોખમી પ્રયોગ કરશે નહી અને આ પક્ષને ફકત સતાના ભાગીદારની ઓફર કરશે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષ હવે જીતેલી મનાતી બાજી હારી જવાય નહી તેની ચિંતા કરે છે અને ખાસ કરીને પક્ષમાં મુખ્યમંત્રી પદ માટે ખેચતાણ ન થાય તેની ચિંતા કરશે. આ ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવનાર પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શ્રી ડી.કે.શિવકુમારે પોતે મુખ્યમંત્રી પદના દાવેદાર નથી તેવું જણાવીને જે કોઈ નિર્ણય લેવાશે તે સર્વાનુમતે હશે તેવું જણાવીને કોંગ્રેસ સ્પર્ધા ટાળવાનો પ્રયત્ન કર્યો છે. હવે બહુમતીના ૧૧૩ના આંકડાથી કયો પક્ષ કેટલો દૂર રહેશે અને જનતાદળ (એસ) કેટલી બેઠકો મેળવશે તેના ઉપર સૌની મીટ મંડાયેલી છે.

# આજે ‘મોચા’ વાવાઝોડું તિવ્ર બનશે
# ૧૩૦ કી.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાશે

નવી દિલ્હી તા. ૧૧ : બંગાળની ખાડીમાં મોકા તોફાન આજે ચક્રવાતી તોફાનનું રૂપ લઈ શકે છે. જેના કારણે આંદામાન ટાપુઓ સહિત દેશના વિવિધ દરિયાકાંઠાના રાજયોમાં ભારે વરસાદ અને તોફાની પવનની અપેક્ષા છે. માહિતી આપતા આઈએમડીએ જણાવ્યું કે બંગાળની ખાડી પર ઉભુ ઊંડું દબાણ ચક્રવાતી તોફાન ‘મોચા’માં ફેરવાઈ ગયું છે. મોચા આજે મધ્યરાત્રિ સુધીમાં તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના છે. તે જ સમયે, બાંગ્લાદેશ અને મ્યાનમારમાં ભારે વરસાદની આગાહી જારી કરવામાં આવી છે. બુધવારે ચેતવણી જારી કરતી વખતે, IMDએ કહ્યું કે ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે પણ ભારે પવન સાથે વરસાદ થઈ શકે છે. આંદામાનમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ સાથે માછીમારોને પણ દરિયામાં ન જવાની ચેતવણી આપવામાં આવી છે. IMDએ કહ્યું કે ૧૧ મેના રોજ એટલે કે ચક્રવાત મોચા તીવ્ર વાવાઝોડામાં ફેરવાયા બાદ ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આ પછી, ૧૩ મેના રોજ મોચા નબળા પડવાની સંભાવના છે અને ૧૪ મેના રોજ, મોચા ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બાંગ્લાદેશના કોક્સ બજાર અને મ્યાનમારના ક્યુકપ્યુ તટને પાર કરશે.

પ્રાદેશિક હવામાન કેન્દ્ર, કોલકાતા ખાતે નિયામક (હવામાન) જી.કે. દાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘ડીપ ડિપ્રેશન થોડા સમય માટે ઉત્તર-પમિ તરફ આગળ વધે અને પછી ધીમે ધીમે ઉત્તર-ઉત્તરપમિ તરફ સાંજના સમયે તે જ પ્રદેશ પર ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાય તેવી શક્યતા છે.’ નિવેદન અનુસાર, ‘આ ઊંડા દબાણ વિસ્તાર ચાલુ રહેશે. ઉત્તર-ઉત્તર પમિ તરફ જવા માટે. બાદમાં, તે ધીમે ધીમે ૧૧ મેના રોજ તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં અને ૧૨ મેના રોજ દક્ષિણપૂર્વ અને મધ્ય બંગાળની ખાડીમાં ખૂબ જ તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિણમશે. આ પછી, તે ૧૩ મે સુધી ધીમે ધીમે નબળો પડવાની સંભાવના છે.

## અમૃતસર સ્થિત સુવર્ણ મંદિર સંકુલમાં પાંચ દિવસમાં ત્રણ વિસ્ફોટ : શકમંદોની અટકાયત

અમૃતસર, તા.૧૧: પંજાબના અમૃતસરમાં સુવર્ણ મંદિર નજીક બીજો વિસ્ફોટ થયો હતો. બ્લાસ્ટને કારણે વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. છેલ્લા પાંચ દિવસમાં આ ત્રીજો વિસ્ફોટ છે. પોલીસે અમૃતસરથી એક શકમંદની અટકાયત કરી છે. તાજેતરનો બ્લાસ્ટ સુવર્ણ મંદિર પાસે રાત્રે એક વાગ્યે કોરિડોર બાજુ સ્થિત શ્રી ગુરુ રામદાસ સરાય પાસે થયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ શરૂ કરી હતી. આ વિસ્ફોટનો અવાજ સાંભળીને આસપાસના લોકો બહાર દોડી આવ્યા હતા. તેના પછી તરત જ પોલીસને જાણ કરવામાં આવી, ત્યારબાદ ફોરેન્સીક ટીમ ઘટનાસ્થળે પહોંચી જોકે, બ્લાસ્ટની આ જગ્યા પહેલા બ્લાસ્ટની જગ્યાથી સાવ અલગ હતી. નવીનતમ વિસ્ફોટ પ્રથમ ઘટના સ્થળથી લગભગ બે કિલોમીટર દૂર થયો હતો.


આયુર્વેદ દવા કેન્સર રોગ મટાડી શકે છે
**અમારી સંસ્થાની આયુર્વેદ દવા**
કેન્સર રોગ મટાડે છે, ગોઠણ દુઃખાવો, સાઈટીકા, ખરજવું, સોરાયસીસ, સફેદ દાગ, વજન ઘટાડવા, પથરી રોગ
કોઈપણ પ્રકારનાં રોગ હોય
બધી જ દવા મળશે.
મો. નં. ૮૨૩૮૭ ૪૩૩૫૭
પ્રવિણભાઈ



રાકેશ અગ્રવાલ
મો. ૯૮૯૮૧ ૮૬૨૧૯
૯૩૭૭૫ ૪૮૭૯૩

**રાકેશ ગેસ સપ્લાયર્સ**
● બેરીંગ, આગ ઓલવવાનાં બાટલા, ગેસના ચુલા, વેલ્ડીંગ રોડ, ઓક્સીજન ગેસ, ઈત્યાદિ હોલસેલ અને રીટેઈલ ભાવમાં મળશે.
● ફાયર એક્ષટીંગ્ગ્યુસર બુશર રીફ્લીંગ કરી આપવામાં આવશે
ડીલર :- મેડીકલ ઓક્સીજન, ઈન્ડસ્ટ્રીયલ ગેસીસ, નાઈટ્રોજન, ખાર્ગોન. ડી.એ. એમોનીયા વગેરે...
રીલાયન્સ પેટ્રોલ પંપ, રાજકોટ રોડ, દોલતપરા, જૂનાગઢ


















HOPE
DIABETES CLINIC AND RESEARCH CENTRE
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસ સ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ

# આજે ૧૧ મે ભારત વિશ્વની આસ્થાનો સુર્વણ દિવસ

**તત્કાલીન ભારતના રાષ્ટ્રપતિ ડોકટર રાજેન્દ્રપ્રસાદનાં વરદ હસ્તે ભારતના બાર જયોર્તિલીંગ પૈકીનાં પ્રથમ સૌરાષ્ટ્રના રત્નાકર સાગર કાંઠે બિરાજતા ભગવાન સોમનાથ મહાદેવ જયોર્તિલીંગ પ્રાણપ્રતિષ્ઠા ૧૧ મે ૧૯૫૧ના રોજ થઈ હતી**





(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૧

વિર્સર્જન-સર્જન થઈ એને એજ સ્થળે સોમનાથ-પ્રભાસ પાટણના સાગર કાંઠે બિરાજમાન ભગવાન સોમનાથ મહાદેવ મંદિર આદિકાળથી કરોડો અબજો આસ્થાળુઓનું વંદનીય મહાતીર્થ છે. ધાર્મિક, રાજકીય, શહિદી, સર્મપણ અને વિવિધ તબકકો મંદિર બંધાતું રહ્યું હેવા આ સોમનાથ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા ૧૧ મે ૧૯૫૧ના રોજ તત્કાલીન ભારતના રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદના હાથે થયેલ છે. મંદિર પ્રતિષ્ઠા સમયે ધાર્મિક વિધી વિધાન ૧૦૧ તોપોની ગર્જન, ૧૦૮ ભારતની પવિત્ર નદીઓના જળ અને સાત વિશ્વના સાગરોના જલથી મહાદેવ અભિષેક કરાયો હતો. સરદાર વલ્લભભાઈ પટેલે આ મંદિર નિર્માણની દ્રઢ પ્રતિજ્ઞા-સંકલ્પ લીધો હતો જે સાકાર થત આજે દેશ-વિશ્વના ભાવિકો પ્રવાસોઓનું આસ્થા માનીતું તીર્થ સ્થળ બન્યું છે. સોમનાથ મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા ૧૧ મે ૧૯૫૧ સવારે ૯:૪૬ મીનીટે તત્કાલીના રાષ્ટ્રપતિના વરદ હસ્તો કરાયેલ, શિવા પ્રસાદ નિર્માણના અધિકૃત ગ્રંથ દિપાર્ણવમાં ઉલ્લેખ છે કે, આવું શિવલીંગ સર્વલીંગોમાં શ્રેષ્ઠ છે, ગર્ભગૃહ આજે સુર્વણથી મઢેલા છે, દ્વારો, દ્વારશાખ તથા આગળના સ્થંભો, નૃત્ય મંડપ, સભાખંડના કળશો સુર્વણ જડીત થયા છે. મંદિરના સાત માળ છે. સોમનાથ મંદિરના નિર્માણની ઘટના સદીની મોટી ઘટના ઈતિહાસમાં નોંધાઈ છે. ૮૦૦ વરસ પછી નાગર શૈલીમાં નિર્માણ પામેલ આ પ્રથમ દેવાલય છે જે કૈલાસ મહામેરૂ પ્રસાદના નામે ઓળખાય છે. વર્તમાન યુગમાં સોશ્યલ મીડીયા માધ્યમથી સોમનાથ મંદિર દેશ-વિશ્વના સાત સમંદર પાર પહોંચેલ છે અનો લાઈવ દર્શન-આરતી નિહાળી ધન્યતા અનુભવે છે.

# જૂનાગઢમાં સર્વજ્ઞાતીય દર્દીઓ માટે હોમીયોપેથીક નિદાન કેમ્પ યોજાશે

**લોહાણા મહાજન, જલારામ મંદિર અને રેડક્રોસ સોસયટીનાં સૌજન્યથી કેમ્પનું આયોજન**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૧

લોહાણા મહાજન જૂનાગઢનાં ઉપક્રમે જલારામ મંદિર જૂનાગઢ અને રેડક્રોસ સોસાયટી જૂનાગઢનાં સૌજન્યથી તા. ૧૪-૫-૨૩નો રવિવારનાં રોજ પંચહાટડી ચોકમાં આવેલ નગરશેઠની હવેલી દેવમંદિર ખાતે સવારનાં ૧૦ થી ૧ સુધી હોમીયોપેથીક નિદાન અને સારવાર કેમ્પ યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં ડો. પાયલ વળીયા, ડો. મોનીકા હાલારી, ડો. ક્રિષ્ના કથીરીયા, ડો. ખુશ્બુ ગૌસ્વામી સેવા આપશે. આ કેમ્પનો જરૂરીયાતવાળા દર્દીઓએ લાભ લેવા પૂર્વ ધારાસભ્ય અનો લોહાણા મહાજન પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂની યાદીમાં જણાવેલ છે.

**જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા**

# તા. ૧૩ મેના રોજ ગીર સોમનાથમાં તમામ અદાલતોમાં યોજાશે નેશનલ લોક અદાલત

**ચેક રિટર્ન, બેન્ક લેણાના કેસ, વાહન અકસ્માતના કેસ, લેબર કેસ વગેરે કેસમાં મળશે સમાધાન**

વેરાવળ, તા.૧૧

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તેમજ ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ તા.૧૩/૦૫/૨૦૨૩ના રોજ ગીર સોમનાથ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં પક્ષકારો વચ્ચે સમાધાનથી કેસો પુરા થાય તે માટે નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ નેશનલ લોક અદાલતમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ-૧૩૮ના કેસ, સમાધાન લાયક ફોજદારી કેસો, દિવાની દાવાઓ, બેંક લેણાના કેસ, વાહન અકસ્માતના કેસ, લેબર કેસ, વીજબીલ, પાણી બીલ, સર્વિસ મેટર, રેવન્યૂ મેટર, લગ્નસંબંધી કેસ, જમીન સંપાદનને લગતા કેસ મૂકી શકાશે. જે પક્ષકારો કેસ મૂકવા માંગતા હોય તેમણે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ડિસ્ટ્રીકટ કોર્ટ, વેરાવળ અથવા ગીર સોમનાથ જિલ્લાની તાલુકા કોર્ટોમાં આવેલ તાલુકાના કાનુની સેવા સમીતિનો સંપર્ક કરવાનો રહેશે એમ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગીર સોમનાથના અધ્યક્ષશ્રી પી.જી.ગોકાણી તથા સેક્રેટરી શ્રી કે.જી.પટેલની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**ગીર સોમનાથ ફીસરીઝ અધિકારીઓની ટીમ**

# પાકિસ્તાન કેદમાંથી મુકત થયેલા ૧૯૯ ભારતીય માછીમારોને લેવા વાઘા સરહદે જવા સજ્જ

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૧

લાંબા સમયનાં અંતરાય બાદ પાકિસ્તાને કેદ કરેલ અંદાજે ૬૫૩માંથી ૧૯૯ ભારતીય માછીમારોને કેદ મુક્ત કરી રહયું છે. તેનો કબ્જો લેવા ૮ ફીશરીઝ અધિકારીઓની ટીમ જરૂરી રેકર્ડ સાથે વાઘા સરહદે જઈ રહી છે. જયાં આ ભારતીય માછીમારોને કરાંચી જેલમાંથી ૧૨ મેએ છોડવામાં આવશે. જે તા. ૧૩ મેનાં રોજ અમૃતસર પાસો આવેલ વાઘા-અટારી રેલ્વે સ્ટેશનો લવાશે. જેઓની ભારતીય સુરક્ષા એજન્સી તપાસ, પુછપરછ, વેરીફેકશન કર્યા બાદ ત્યાંથી રાત્રીની ટ્રેનમાં તા. ૧૪ મેનાં નીકળી તા. ૧૫ મેનાં સાંજ સુધીમાં વેરાવળ બસ દ્વારા પહોંચશે. અમૃતસરથી ટ્રેન બરોડા સુધી અને બરોડાથી વેરાવળ સુધી ખાસ બસોમાં તેમને માદરે વતન વેરાવળ ફીસરીઝ કચેરી ખાતે લાવવામાં આવશે. વેરાવળ દાખલ થતાં પહેલા તેઓનું ગીર સોમનાથ પોલીસ વિભાગ દ્વારા વેરીફીકેશન અને પુછપરછ કરાયા બાદ જ ફીસરીઝ કચેરીએ તેના સગા-વ્હાલાઓને જરૂરી નોંધ લઈ સોંપણી કરવામાં આવશે. સમગ્ર કાર્ય અંગે ફીસરીઝ વિભાગનાં નયનભાઈ મકવાણા તથા વિમલભાઈ પંડયા, કે.એમ. સીકોતરીયા સહિત સમગ્ર સ્ટાફ ખડેપગે તૈયારીઓમાં વ્યસ્ત છે. અમૃતસરથી છેક વેરાવળ સુધી પોલીસ બંદોબસ્ત પણ સાથે રહેશે. ભારતીય માછીમારોને લેવા વાઘા સરહદે જઈ રહેલ ફીસરીઝ અધિકારીઓમાં એમ.આઈ. થલોટીયા, કે.એમ. સીકોતરીયા, ડી.એમ. મકવાણા, વી.ટી. બ્રહ્‌મણી, ડી.ટી. ચૌહાણ અને જે.બી. બારડ, જે.બી. વાઢેળ અનો જે.એલ. આંજણીનો સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ આ મુકત તથા ભારતીય માછીમારોને કરાંચીની જેલથી લાહોર લઈ જવાશે અને લાહોરથી આ કેદીઓને વાઘા બોર્ડરે પહોંચાડાશે. તા. ૧૨મેએ આ માછીમારોનો મુકત કરી દેવાશે એમ પણ કહેવાય છે કે પાકિસ્તાન સરકાર ત્રણ ચરણોમાં ૫૦૦ કેદીઓને મુકત કરી રહયું છે. જેમાં પ્રથમ ચરણ ૧૨મે ૧૯૯, બીજી મુકિત ૨ જુન ૨૦૦, ત્રીજી અંતિમ મુકિત ૭ જુલાઈએ ૧૦૦ ભારતીય માછીમારો મુકત થશે. ૧૨મે એ ૧૯૯ ઉપરાંત એક સીવીલીયન પ્રીઝનર પણ મુકત થશે.

# વેરાવળમાં કુટુંબ સલાહ કેન્દ્રમાં છ માસમાં ૪૫ કેસોનો કરાયો નિકાલ

વેરાવળ, તા.૧૧

કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડ ન્યુ દિલ્હી દ્વારા ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ, અમદાવાદ ની સહાયથી જૂનાગઢ જીલ્લા મહિલા મંડળ દ્વારા સંચાલિત "કુટુંબ સલાહ કેન્દ્ર" વેરાવળ ખાતે કાર્યરત છે. આ કેન્દ્રમાં વર્ષ ૨૦૨૨-૨૩ (ઓકટોબર-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૩) છ માસ દરમ્યાન કુલ ૮૫ કેન્દ્રમાં નોંધાયેલા હતા. જેમાંથી ૪૫ કેસોનો નિકાલ કરવામા આવેલ છે.

આ કુટુંબ સલાહ કેન્દ્રમાં વર્ષ ૨૦૨૨-૨૩ (ઓકટોબર-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૩) છ માસ દરમ્યાન કુલ ૮૫ કેસો કેન્દ્રમાં નોંધાયેલા હતા. જેમાંથી ૪૫ કેસોનો નિકાલ થયેલ જેમાં પતિ-પત્ની વચ્ચેના અણબનાવનાં ૨૬ કેસોમા સમાધાન થયેલ છે. તેમજ ૮ કેસોમાં પક્ષકારને નામદાર કોર્ટમાં જવા સલાહ આપવામાં આવેલ તેમજ ગંભીર પ્રકારના ૧ કેસમાં છૂટાછેડા તેમજ ૨ કેસોમાં વનસ્ટોપમાં તબદીલ કરવામાં આવેલ અને ૭ કેસોમાં પોલીસ મદદ માટે પોલીસ સ્ટેશનમાં મોકલેલ ૧ કેસમાં સામાવાળા તરફથી સહકાર ન મળતા બંધ કરવામાં આવેલ. હાલમાં ૪૦ કેસો પેન્ડીંગ છે.

આ ૪૫ કેસોના નિકાલ માટે કુટુંબ સલાહ કેન્દ્ર વેરાવળના કાઉન્સેલર હરસુખભાઈ બગીયા, અને ભારતીબેન મારૂ, તેમજ સબ કમિટીનાં સભ્યશ્રીઓ સુરેશભાઈ પી. માવાણી (એડવોકેટ), હમીરભાઈ વાળા (એડવોકેટ), મહમદભાઈ સોરઠીયા, રાજેશભાઈ ઠકરાર, સરોજબેન દવે, ચેતનાબેન સંઘવીનાં સહકારથી સમાધાન થતા દરેક પરિવારોનું જીવન સુખમય બનેલ છે. તેમ જૂનાગઢ જીલ્લા મહિલા મંડળના પ્રમુખ ચંદનબેન રાવલની યાદીમાં જણાવવામાં આવેલ.

ઉલ્લેખનીય છે કે કુટુંબ સલાહ સલાહ કેન્દ્રમાં સાસરીયા દ્વારા ત્રાસ, અન્યની દખલગીરી, શરાબનું વ્યસન, આર્થિક સંકડામણ, અનૈતિક સબંધ, દહેજ, ઘરેલું હિંસા, અપહરણ, બાળલગ્ન જેવા પ્રશ્નોમાં સમાધાનકારી માર્ગદર્શન આપવામાં આવેલ છે. જે કોઈ પરિવારને આવા પ્રશ્નો હોય, તેઓએ "કુટુંબ સલાહ કેન્દ્ર" કસ્તુરબા મહિલા મંડળ બિલ્ડીંગ, કલેકટર કચેરી રોડ, કૃષ્ણનગર, વેરાવળ નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. જેના ફોન નંબર ૦૨૮૭૬-૨૪૨૫૭૯ છે.

# વેરાવળમાં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં આઠ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડયા




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૧

વેરાવળમાં ભારત વિકાસ પરિષદ સોમનાથ શાખા દ્વારા "સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ" નું આયોજન કરવામાં આવેલ જેમાં આઠ યુગલોને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પંડિતો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી લગ્નવિધિ કરાવવામાં આવેલ તથા સપ્તપદીના સાત વચનો લઈ પ્રભુતામાં પગલાં પાડી દામ્પત્યજીવનની સુખમયી શરૂઆત કરી હતી. આ કાર્યમાં સંસ્થાના પ્રમુખ ધર્મેશભાઈ રાજપરા, મંત્રી નિલેશભાઈ ઉનડકટ, સમૂહ લગ્નોત્સવના સંયોજક સંજયભાઈ કારિયા, ક્રિષ્નાભાઈ સોલંકી, હિતેશભાઈ વિઠ્ઠલાણી, ભરતભાઈ સોમૈયા સહીતની ટીમ તથા સદસ્યો દ્વારા છેલ્લા ત્રણેક મહિના સુધી જહેમત ઉઠાવી તૈયારીઓ કરવામાં આવેલ હતી. આ સમુહલગ્ન પ્રસંગે દરેક સમાજના આગેવાનો, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અધિકારીઓ, અલગ અલગ સામાજિક સંસ્થાઓના હોદ્દેદારોએ હાજરી આપી નવયુગલને આશીર્વાદ પાઠવ્યા હતા અને ભારત વિકાસ પરિષદ સોમનાથના આયોજનને બિરદાવી પ્રોત્સાહિત કરવામાં આવેલ હોવાનું વિજયભાઈ માંડલીયાએ યાદીમાં જણાવેલ છે.

# ગીર સોમનાથ એલ.સીબીના જાંબાઝ પોલીસ ઈન્સ.એ.એસ. ચાવડાની રાજય એટીએસમાં બદલી

**રાજકોટ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, જામનગર, આણંદ, ગીર સોમનાથમાં કાબીલે દાદ કામગીરી**

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૧

ગીર સોમનાથ એલસીબીના બાહોશ જાંબાઝ અનો અટપટા ગુન્હાઓ ઉકેલવામાં જેમનો સર્વત્ર અસરકારક કામગીરીઓ કરી છે તેવા ઈન્સ. એ.એસ. ચાવડાની બદલી એટીએસ અમદાવાદ ખો થયેલ છે. તા.૨૫ સપ્ટેમ્બર ૨૦૨૨થી ગીર સોમનાથ જીલ્લામાં ચાર્જ સંભાળ્યા બાદ કાયદો, વ્યવસ્થાઓ જાળવવા વિવિધ દરોડાઓ, અટપટા ગુન્હાઓ ઉકેલી ગુન્હેગારોને જેલના સળીયા પાછળ ધકેલવા અને સોમનાથ આવતા વિવિધ વી.વી.આઈ.પી. ઓના મજબુત સુરક્ષા સહિતની નોંધપાત્ર કામગીરી ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહજી જાડેજાના માર્ગદર્શન હેઠળ બજાવી. મુળ કેશોદના પાણખાણના વતની અનો તા.૨૫/૯/૧૯૮૬ના રોજ જન્મેલા તેઓ બીએસસી પરીક્ષા પાસ કરી રાષ્ટ્ર સેવા માટે ૨૦૧૦થી ગુજરાત પોલીસમાં જોડાયા. જામનગર, અમદાવાદ ક્રાઈમ, આણંદ વિજીલન્સ, રાજકોટ ખાતો પણ યશસ્વી ફરજ બજાવી ચુકેલ છે તેમની નવી સફર ઈનીંગ્સનો ગીર સોમનાથ જીલ્લો આભાર સાથે શુભેચ્છા આપે છે.

# કોડીનારની હાઈ પ્રોફાઈલ ઓપન નાઈટ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વેરાવળની પરિશ્રમ બી.ઈલેવન ચેમ્પિયન

**ચેમ્પિયન પરિશ્રમ બીને રૂા.૬,૧૧,૧૧૧ અને રનર્સ અપ ટીમને રૂા. ૩,૧૧,૧૧૧ ની ઈનામી રકમ અપાઈ**

**કોડીનાર ની ટુર્નામેન્ટ માં આઈ.પી.એલ.સ્ટાર કામરાન ખાને ૪ મેચ રમી દર્શકો માં ભારે આકર્ષણ જગાવ્યું**

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૧

કોડીનારમાં સ્વ.મીત શિવાભાઈ સોલંકીના સ્મરાણાર્થે ક્ષત્રીય કારડીયા રાજપૂત સમાજ આયોજીત હાઈ પ્રોફાઈલ ઓપન રાત્રિ પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રમાયેલા મેગા ફાઈનલમાં વેરાવળની પરિશ્રમ બી ઈલેવને વેરાવળની જ નમસ્તે ઈલેવનને દિલધડક મેચમાં હરાવી ચેમ્પિયન બની હતી. કોડીનારમાં ઈન્ટરનેશનલ કક્ષાનાં સમક્ષક કોડીનાર નગરપાલિકા ક્રિકેટ ગ્રાઉન્ડમાં દસ હજારથી વધુ દર્શકોની હાજરીથી ખીચો ખીચ ભરાયેલા મેદાનમાં યોજાયેલ ફાઈનલમાં પરિશ્રમ ઈલેવને પ્રથમ બેટિંગ કરી ૧૦૨ રનનો સ્કોર ખડકતા જવાબમાં નમસ્તે વેરાવળની ટીમ ૮૨ રનમાં ઓલ આઉટ થઈ જતાં પરિશ્રમ ઈલેવનને ૨૦ રનથી ફાઈનલ જીતી ટ્રોફી કબજે કરી ચેમ્પિયન બનતા વીનર પરિશ્રમ ઈલેવનને ૬,૧૧,૧૧૧ રૂા.રોકડ ઈનામ અને અને રનર્સઅપ નમસ્તે ઈલેવનને ૩,૧૧,૧૧૧ રૂા.ઈનામી રકમ આપવામાં આવી હતી.તેમજ ફાઈનાલીસ્ટ બંને ટીમના ખેલાડીઓને ચાંદીના મેડલ એનાયત કરવામાં આવ્યા હતા તેમજ ટુર્નામેન્ટની થર્ડ નંબરની ટીમને પણ ૧,૧૧,૧૧૧ રૂા.નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. ફાઈનલ મેચ બાદ ભવ્ય કલોઝિંગ મ્યુઝિકલ નાઈટ સેરેમનીનું આયોજન કરાયું હતું, જેમાં બોલીવુડ સિંગર એશ્વર્યા મજમુદાર અને ઉમેશ બારોટે દર્શકોને સુરીલા અવાજથી મંત્રમુગ્ધ કરી મનોરંજન પૂરૂ પાડ્યું હતું. સ્વ.મીત શિવાભાઈ સોલંકીના સ્મરાણાર્થે રમાતી ટુર્નામેન્ટમાં ગુજરાતભરની અંદાજે ૧૪૦ જેટલી ટીમોએ ભાગ લીધો હતો જેમાં અલગ અલગ ટીમોમાંથી ભારતભરના નામી અનામી ટેનીસ ક્રિકેટરોએ ભાગ લીધો હતો જેમાં ખાસ કરીને આઈ.પી.એલમાં રાજસ્થાન રોયલ્સ અને પુને વોરિયર્સવતી રમી ચૂકેલા અને આઈ.પી.એલ.ઈતિહાસની પ્રથમ સુપર અવર ફેંકનાર પેસ બોલર કામરાન ખાને પણ આ ટુર્નામેન્ટમાં રમી દર્શકોમાં ભારે આકર્ષણ જગાવ્યો હતો. આઈ.પી.એલ.સ્ટાર કામરાન ખાને પરિશ્રમ બી વેરાવળ ટીમ તરફથી ફાઈનલ સહિત ૪ મેચ રમી હતી જેમાં પ્રી કવાર્ટ્સ ફાઈનલમાં ૫ વિકેટ ઝડપી અને કવાટર ફાઈનલમાં ટુર્નામેન્ટની હાઈ પ્રોફાઈલ અને મજબૂત ટીમ કાકા કિંગ્સ ઈલેવન સામે ટીમ ૩ વિકેટ ઝડપી મેચ વિનર દેખાવ કરી બંને મેચમાં મેન ઓફ ધ મેચ બની ટીમને ફાઈનલમાં પહોચાડી ચેમ્પિયન બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કામરાન ખાન સિવાય મોટા ભાગના રાજયોના સ્ટાર ખેલાડીઓ પણ અલગ અલગ ટીમ વતી રમતા જોવા મળતા અને ફાઈનલની બંને ટીમોને લાખોની ઈનામી રકમ મળતા કોડીનારની ક્રિકેટ ટુર્નામેન્ટ આઈ.પી.એલ.ની જેમ ભારે હાઈ પ્રોફાઈલ બની હતી. મેગા ફાઈનલ ઈવેન્ટમાં રાજ્ય નાણાં મંત્રી સહિત અનેક રાજકીય મહાનુભાવો, કલાકાર કસબીઓ, અગ્રણીઓ સહિત મોટી સંખ્યા માં દર્શકો ઉપસ્થિતિ રહ્યા હતા. આ ટુર્નામેન્ટને ભવ્યરીતે સફળ બનાવવા માટે શિવાભાઈ સોલંકી અને તેમની ટીમ તેમજ ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ દ્વારા ભારે જહેમત ઉઠાવી કોડીનાર ક્રિકેટ ટુર્નામેન્ટને લોકલ લેવલે આઈ.પી.એલ.જેવી હાઈ પ્રોફાઈલ લોકપ્રિય ઈવેન્ટ બનાવવા સફળતા મેળવી હતી.



સૌરાષ્ટ્રભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# અસમ - અરૂણાચલ પ્રદેશનાં સીમા વિવાદનો આખરે અંત

અસમ અને અરુણાચલ પ્રદેશ વચ્ચે લગભગ પાંચ દાયકાથી ચાલતા સીમા વિવાદનો હલ નીકળવાનું સ્વાગત કરાવું જોઈએ. આ વિવાદો વારંવાર સરહદો પર લોહિયાળ હિંસાનું કારણ બનતા રહે છે. દિલ્હીમાં ગૃહમંત્રીની હાજરીમાં અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વ સરમા અને અરુણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડુએ જે સહમતિ પત્ર પર હસ્તાક્ષર કર્યા, તેમાં ન માત્ર સમજૂતીને પૂર્ણ અને અંતિમ ગણાવવામાં આવ્યા, બલ્કે એ પણ કહેવામાં આવ્યું કે ભવિષ્યમાં બંને પક્ષો તરફથી કોઈપણ ક્ષેત્ર કે ગામ સંબંધિત કોઈ નવો દાવો રજૂ નહીં કરવામાં આવે.

અસમ અને અરુણાચલ, બંને ૮૦૪.૧ કિલોમીટર લાંબી સહિયારી સરહદ ધરાવે છે. પરંતુ તેમાંથી ૭૦૦ કિલોમીટર લાંબા ક્ષેત્રમાં અરુણાચલના ૧૨ અને અસમના ૮ જિલ્લામાં ફેલાયેલા ૧૨૩ ગામડાં પર ૧૯૭૨થી જ વિવાદ હતો. તેમાંથી જે ૭૧ ગામડાં પર અરુણાચલનો દાવો હતો, અને જેના પર હાલમાં સહમતિ બની છે, તેમાંથી ૬૦ ગામોને અસમથી અરુણાચલમાં સામેલ કરવામાં આવશે, એકને અરુણાચલથી અસમમાં સામેલ કરવામાં આવશે, જ્યારે ૧૦ ગામો અસમમાં જ રહેશે.

બાકી બચેલા ૫૨ માંથી ૪૯ ગામોની સરહદો આગામી છ મહિનામાં ક્ષેત્રીય સમિતિઓ દ્વારા નક્કી કરવામાં આવશે. અસલમાં માર્ચ, ૨૦૨૨માં અસમ અને મેઘાલય દ્વારા પાંચ દાયકા જૂના સીમા વિવાદનો આંશિક હલ કાઢ્યા બાદ, જે અંતર્ગત ૧૨ વિવાદિત ક્ષેત્રોમાંથી ૬ પર વિવાદ ઉકેલી લેવામાં આવ્યો હતો, ૧૫ જુલાઈએ અસમ અને અરુણાચલના મુખ્યમંત્રીઓએ 'નામસાઈ ઘોષણાપત્ર' પર હસ્તાક્ષર કરીને સીમા વિવાદ ખતમ કરવાનો સંકલ્પ લીધો હતો. આ જ કારણે ૧૨ ક્ષેત્રીય સમિતિઓની રચના કરવામાં આવી હતી, જેમાં મંત્રી, સ્થાનિક ધારાસભ્ય અને બંને રાજ્યોના અધિકારી હતા.

આ સમિતિઓએ વિવાદિત ગામો સંબંધિત ઐતિહાસિક પરિપ્રે-ય, જનસંખ્યા પ્રોફાઈલ, પ્રશાસનિક સુવિધા અને લોકોની આંકાંક્ષાઓને ધ્યાનમાં રાખતાં રિપોર્ટ તૈયાર કર્યો, જેની ભલામણોને બંને રાજ્યોએ સ્વીકાર કરી લીધી. હિમંત બિસ્વ સરમાનું કહેવું છે કે મેઘાલય સાથે આગામી બે-ત્રણ મહિનામાં બચેલા વિવાદિત ક્ષેત્રોનું હલ કાઢી લેવામાં આવશે, મિઝોરમ સાથે સીમા વિવાદના હલ માટે મંત્રણા ચાલુ છે, જ્યારે નાગાલેન્ડ સાથે સીમા વિવાદનું હલ શીર્ષ અદાલત દ્વારા નીકળશે. કુલ મળીને પૂર્વોત્તરમાં આંતરરાજ્ય વિવાદો ઉકેલવાની આ કોશિશોથી ભવિષ્યમાં હિંસા પર લગામ લાગવાની આશા રાખી શકાય છે.

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા સાથી એપ્લીકેશન લોન્ચ કરાઈ




## થેલેસેમીક બાળકો તથા તેમનાં માતા-પિતાને મુંઝવતા પ્રશ્નોનાં નિરાકરણ અને થેલેસેમિયા સારવાર માટે અદ્યતન સારવાર પધ્ધતિથી માહિતગાર કરવામાં આવ્યા

અમદાવાદ, તા.૧૧ વર્લ્ડ રેડ ક્રોસ રેડ ક્રેસેન્ટ ડે અને વર્લ્ડ થેલેસેમીયા ડે ની ઉજવણીના ભાગરૂપે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા સાથી એપ્લીકેશન લોન્ચ કરાઈ. કાર્યક્રમનાં મુખ્ય મહેમાન પદે રેમ્યા મોહન, આઈએએસ મીશન ડાયરેકટર, નેશનલ હેલ્થ મિશન હાજર રહ્યા હતાં. અતિથી વિશેષ તરીકે ડો. રાજેશ ગોપાલ, નિયામક, જીએસસીબીટીતેમજ અજય પટેલ - ચેરમેન ગુજરાત રેડ ક્રોસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં થેલેસેમીક બાળકો તથા તેમનાં માતા-પિતાને મુંઝવતા પ્રશ્નોનાં નિરાકરણ અને થેલેસેમિયા સારવાર માટે અઘતન સારવાર પધ્ધતિથી માહિતગાર કરવામાં આવ્યા હતા. થેલેસેમિક બાળકોની સાર-સંભાળ માટે વિશેષ યોગદાન, આપનારને આ પ્રસંગે સન્માનવામાં આવ્યા હતાં.થેલેસેમીયા મેજર બાળકોને તજજ્ઞ ડોકટર્સ મારકતે માર્ગદર્શન મળી રહે તે હેતુથી તૈયાર કરવામાં આવેલ થેલેસેમીયા સાથી એપ્લીકેશનનું લોન્ચીંગ કરવામાં આવ્યુ. જેમાં ગુજરાતનાં ૪૦ જેટલા તજજ્ઞ હિમેટોલોજીસ્ટ, પીડીયાટીશ્યન, ગાયનેકોલોજીસ્ટ, ફીઝીશ્યન, જીનેટીશ્યન તથા જીનેટીક કાઉન્સેલર પેશન્ટસને જરૂરી માર્ગદર્શન પુરુ પાડશે તથા એપ્લીકેશન મારફત પેશન્ટસ પોતાની હેલ્થ સંબંધી સારવાર માટે જરૂરી માર્ગદર્શન ઘેર બેઠા નિ:શુલ્ક મેળવી શકશે. ગુજરાત રેડ ક્રોસનાં ચેરમેન અજય પટેલે જણાવ્યું કે, મેનેજમેન્ટ રેડ ક્રોસની મૃખ્ય પ્રવૃત્તિ છે અને દરેક જીલ્લામાં કુદરતી તેમજ માનવ સર્જીત આપત્તિ સમયે પહોચી વળવા ડૉક્ટર્સ, વકીલ, એન્જીનીયર્સ વિગેરેની એક ટીમ તૈયાર કરવાનું આયોજન છે જે આપત્તિ સમયે લોકોને સહાય - રાહત પહોંચાડી શકે. ઉપરાંત જુનિયર - યુથ રેડ ક્રોસ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને પણ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડી શકાય, લોકોનો જીવ બચાવી શકે તેવી પ્રાથમિક સારવાર તાલીમ પણ રેડ ક્રોસ દ્વારા આપવામાં આવે છે. હાલ રાજ્યમાં રેડ ક્રોસની ૨૧ બ્લડ બેંક કાર્યરત છે બીજી ૫ સરકારશ્રીની સહાયથી શરુ યનાર છે. કુલ ૨૬ બ્લડ બેંક અને ૨૫ સ્ટોરજ સેન્ટર શરુ કરવાનું આયોજન છે જેથી કરીને છેવાડાના ગામોમાં પણ કોઈ બ્લડયી વંચિત ન રહે અને ૧ કલાકના અંતરમાં જરૂતિયાતમંદને બ્લડ ઉપલબ્ધ કરાવી શકાય તેઓએ અપીલ કડી કેસરકારશ્રી તરકથી સીવીલ હોસ્પિટલ કે અન્ય જગ્યાએ ઈક્રાસ્ટક્ચર મળે તો આ બધી સેવાઓ ખૂબ સહેલાઈથી જરૂરીયાતમંદને મળી રહેશે, ઉપરાંત થોડા સમયમાં ગુજરાત રેડ ક્રોસ દ્વારા ઉપરોક્ત સ્થળોએ. પેથોલોજી લેબોરટરી, ફીઝીયોથેરાપી સેન્ટાર, ડેન્ટલ વિભાગ અને જેનરીક મેડીકલ સ્ટોર શરુ કરવામાં આવનાર છે જે માટેની મોટાભાગની તૈયારી થઈ ગઈ છે અને તેઓની પ્રવૃત્તિઓમાં ખૂટતા ભંડોળ માટે દરેક જીલ્લામાં ૩૬૫ દાતાઓને રેડ ક્રોસ સાથે જોડવાના છે જેઓ આર્થિક રીતે જે તે શાખાને મદદ કરશે.રેમ્યા મોહને જણાવ્યું કે આજે લોન્ચ કરવામાં આવેલ થેલેસેમીયા સાથી એપ્લીકેશન દ્વારા થેલેસેમિયા ગ્રસ્ત બાળકો તથા તેને સંલગ્ન દરેક ઘેર બેઠા એપ. નો લાભ લઈ શકશે જે તેઓના માટે આશિર્વાદ સમાન છે અને થેલેસેમીયા કેર ગીવર્સ માટે પણ તે એક લાઈફલાઈન બની રહેશે. ડો.રાજેશ ગોપાલ, ડો.પ્રકાશ પરમાર, શ્રી સંજય શાહે પ્રસંગને અનુરુપ માર્ગદર્શન આપ્યુ હતાં.

### એકલા જવાની અહીં મનાઈ છે

# ધરતીનો છેડો : આ રોડ પુરો થતાં જ દુનિયા થઈ જાય છે ખતમ




નવી દિલ્હી, તા.૧૧ આપના મજગમાં ક્યારેકને ક્યારેક સવાલ ચોક્કસથી આવ્યો હશે કે દુનિયા ક્યાં ખતમ થઈ રહી છે અથવા તો દુનિયાનો છેડો ક્યાં છે? પણ ભાગ્યે જ આપને આ સવાલનો જવાબ મળ્યો હશે. દુનિયાના અંતિમ છેડાની ખબર નથી, પણ એક રસ્તો જરુર છે, જેને દુનિયાનો અંતિમ રસ્તો માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે, આ રસ્તા પુરો થયા બાદ દુનિયા ખતમ થઈ જાય છે. આ રોડનું નામ ઈ-૬૯ છે. આ અગાઉ આપે ભાગ્યે જ આ રોડ વિશે સાંભળ્યું હશે. ઈ-૬૯ રોડને દુનિયાનો સૌથી અંતિમ રોડ માનવામાં આવે છે. ઈ-૬૯ હાઈવે છે, જે લગભગ ૧૪ કિમી લાંબો છે. આપને જાણીને નવાઈ લાગશે કે, આ હાઈવે પર એવી કેટલીય જગ્યા છે, જ્યાં એકલા ચાલતા જવું અથવા તો ગાડી ચલાવવાની પણ મનાઈ છે. તો આવો આજે જાણીએ આ રોડ વિશે, જેને દુનિયાનો અંતિમ રોડ કહેવાય છે. આ રોડને દુનિયાનો છેડો માનવામાં આવે છે. નોર્થ પોલ એટલે કે, ઉત્તરી ધ્રુવ વિશે તો આપે જરુરથી સાંભળ્યું હશે, જે પૃથ્વીનો સૌથી અંતિમ છેડો છે. આ એ જ બિંદુ છે, જ્યાં પૃથ્વીની ધર ફરે છે. તે નોર્વેનો અંતિમ છેડો છે. અહીંથી આગળ જવાના રસ્તાને દુનિયાને અંતિમ રોડ માનવામાં આવે છે. તેનું નામ ઈ-૬૯ છે, જે પૃથ્વીનો અંતિમ છેડો અને નોર્વેને જોડે છે. આ એ રોડ છે, જેની આગળ કોઈ રસ્તો જ નથી. બસ બરફ અને દરિયા સિવાઈ બીજૂ કંઈ જ દેખાતું નથી. દુનિયાનો અંતિમ રોડ હોવાના કારણે લોકો તેના પર જવા માગે છે અને જોવા માગે છે કે દુનિયાનો છેડો કેવો લાગે છે. પણ અહીં એકલા જવા અથવા ડ્રાઈવિંગ કરવા પર પ્રતિબંધ છે. જો આપનો ધરતીનો છેડો જોવો છે, તો આપને ગ્રુપમાં જવું પડશે, કેમ કે ચારેતરફ બરફ હોવાના કારણે મોટા ભાગે લોકો રસ્તો ભટકી જાય છે. દુનિયાનો અંતિમ રોડ હોવાના કારણે લોકો તેના પર જવા માગે છે અને જોવા માગે છે કે દુનિયાનો છેડો કેવો લાગે છે આ ઉપરાંત ઠંડી પણ એટલી વધારે હોય છે, એટલા માટે ૧૪ કિમી લાંબા આ રોડ પર કોઈ પણ એકલા જઈ શકતા નથી. આ જગ્યા વિશે હેરાન કરનારી વાત એ છે કે, આ રોડ ઉત્તરી ધ્રુવની પાસે છે. જેને લઈને ઠંડીની સિઝનમાં અહીં ફક્ત રાત જ હોય છે. તો વળી ગરમીની સીઝનમાં અહીં સૂરજ ક્યારે નથી ડૂબતો. ક્યારેક ક્યારેક તો અહીં સતત છ મહિના સુધી સૂરજ દેખાતો જ નથી અને ફક્ત રાત જ રહે છે. એટલે કે, ૬ મહિના સુધી લોકો રાતના અંધારામાં જ રહે છે. ગરમીમાં અહીં તાપમાન ઝીરો ડિગ્રી સેલ્સિયસની આજૂબાજૂમાં રહે છે. જ્યારે ઠંડીમાં અહીં -૪૫ ડિગ્રી નીચે જતું રહે છે.

# ઉના : વિજય બારૈયાની ઈન્ડિગો એર લાઈન્સમાં પાઈલોટ તરીકે નિમણુંક



ઉના તા. ૧૧ ઊના તાલુકાના નાનું એવુ ગામડું દરિયા કાંઠે આવેલ વસોજ ગામનો યુવાન વિજય કુમાર બાબુભાઈ બારૈયા ની માતા સ્વર્ગસ્થ દિવિબેન બારૈયા જે માજી જૂનાગઢ જિલ્લા પંચાયત નાપ્રમુખ હતા અને પિતા બાબુ ભાઈ બારૈયા નું સ્વપ્ર હતું કે દીકરો પાઈલોટ બની આકાશ મા પ્લેન ઉડાડે તેથી વિજય એ પ્રથમ થી અભ્યાસ મા સખત મહેનત કરી તમામ પરીક્ષાઓ મા પાસ થઈ અને પાઈલોટ ની ટ્રેનીંગ પૂરી કરી હતી અને તાજેતર માં તેમને ઈન્ડિગો એર લાઈન્સમાં પાઈલોટ તરીકે નિમણુક કરવામાં આવતા ઊના તાલુકાના ના કોળી સમાજ નો પ્રથમ યુવાન પાઈલોટ બનતા સમગ્ર સમાજ અને જિલ્લા અને તાલુકા નું ગૌરવ વધારેલ છે સ્વર્ગસ્થ માતા નું સ્વપ્ર પૂરું કરી અન્ય યુવાનો ને પ્રેરણા રૂપ બનતા તેમને અભિનંદન મળી રહયા છે

# ૧ કિમી લાંબો અને ૧૬ ફુટબોલ ગ્રાઉન્ડ કરતા મોટો, ૧૧૫ ફુટ ઊંડો

## ચિલીના એલગારોબોમાં આવેલ સૈન એલફોન્સો ડેલ માર નામનો રિઝોર્ટ ખૂબ જ ફેમસ છે પણ તેનાથી પણ વધારે ફેમસ છે આ રિસોર્ટનો સ્વિમિંગ પૂલ



નવી દિલ્હી, તા.૧૧ જે લોકો નદી અથવા સમુદ્રમાં તરવાથી ડરતા હોય છે, તે સ્વિમિંગની પોતાની ઈચ્છાને સ્વિમિંગ પૂલમાં જઈને પુરી કરી લેતા હોય છે. સ્વિમિંગ પૂલ નાનો હોય છે, જેમાં દુર્ઘટના થવાનો ખતરો પણ ઓછો હોય છે અને સુરક્ષિત માહોલ પણ હોય છે. પણ દુનિયામાં એક એવો પણ સ્વિમિંગ પૂલ છે, જેમાં જતા લોકો ડરે છે. કારણ કે તે એટલો વિશાળ છે કે જો આપ ઊભા રહીને નજર દોડાવશો તો, આ એક જ પૂલ દેખાશે. તે દુનિયાનો સૌથી મોટો સ્વિમિંગ પુલ છે. ચિલીના એલગારોબોમાં આવેલ સૈન એલફોન્સો ડેલ માર નામનો રિઝોર્ટ ખૂબ જ ફેમસ છે. પણ તેનાથી પણ વધારે ફેમસ છે આ રિસોર્ટનો સ્વિમિંગ પૂલ. રિઝોર્ટ્સમાં સ્વિમિંગ પૂલ એ બહુ મોટી વાત છે. ત્યાં આવતા મહેમાનો તેમાં આવીને ન્હાય છે અને સમય વિતાવી એન્જોય છે. પણ ચિલીના આ રિઝોર્ટની વાત કરી રહ્યા છીએ, તેનો સ્વિમિંગ પૂલ એટલો મોટો છે કે તેનું નામ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ નોંધાયેલ છે. લકઝૂરી લોન્ચેજ વેબસાઈટના રિપોર્ટ્સ અનુસાર આ સ્વિમિંગ પૂલ ૮૦ એકરમાં છે અને ૧ કિમીથી પણ વધારે મોટો છે. પૂલનો સૌથી ઊંડો ભાગ ૧૧૫ ફુટ ઊંડો છે. આપને જાણીને નવાઈ લાગશે કે ,આ પૂલમાં ૬૬ મિલિયન ગૈલન પાણી હોય છે. કમ્પ્યુટરથી સંચાલિત સકશન અને ફિલ્ટ્રેશન સિસ્ટમથી પૂલને સાફ રાખવામાં આવે છે. આ સિસ્ટમ મહાસાગરમાંથી પાણી ખેંચીને પૂલમાં લાવે છે અને તેને સાફ કરે છે. ક્રિસ્ટલ લૈગૂનના નામથી ફેમસ આ પૂલનો આકોર ૧૬ ફુટબોલના મેદાનથી મોટો છે.

આ પૂલ ૧૬ હજાર કરોડ રૂપિયામાં બનાવ્યો હતો અને વર્ષ ૨૦૦૬માં જનતા માટે આ પૂલ ખોલી દેવામાં આવ્યો હતો. વિશ્વનો સૌથી મોટો સ્વિમિંગ પૂલ આ પૂલમાં સામાન્ય જનતા નથી જઈ શકતી.

ફક્ત રિઝોર્ટમાં રોકાતા લોકો જ તેમાં જઈ આનંદ લઈ શકે છે. આ પૂલને ચારેતરફથી સુરક્ષિત કરવામાં આવ્યો છે, જે કોઈ પણ દુર્ઘટનાને રોકે છે. આપ આ પૂલને એક છેડેથી બીજા છેડ જઈ શકશો નહીં.

# રાજકારણ અને માફિયાનું ઘાતક ગઠબંધન

તાજેતરમાં જ ઉત્તર પ્રદેશમાં કુખ્યાત માફિયા અતીક અને તેના ભાઈ અશરફના માર્યા ગયા બાદ હાલમાં કેટલાય માફિયાઓ ચર્ચામાં આવી ગયા છે. તેમાંથી એક છે બિહારનો આનંદ મોહન સિંહ. તે આઈએએસ જી. કૃષ્ણૈયાની હત્યાના આરોપમાં આજીવન કારાવાસની સજા કાપી રહ્યો હતો. નિયમો અંતર્ગત તેનો એ આધારે છૂટકારો નહોતો થવાનો કે જેલમાં તેની ચાલ-ચલગત સારી છે. પરંતુ બિહાર સરકાર કોઈક રાજકીય સ્વાર્થને કારણે તેનો છૂટકારો ઈચ્છતી હતી તેથી તેણે સંબધિત નિયમમાં જ સંશોધન કરી નાખ્યું અને એ રીતે આનંદ મોહનના છૂટકારાનો રસ્તો સાફ થઈ ગયો. ગઈકાલે તે જેલમાંથી છૂટી પણ ગયો. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર આ મુદ્દે એવા ખુશી મનાવી રહ્યા છે જાણે કોઈ મોટી ઉપલબ્ધિ મેળવી હોય. લાલુના જંગલરાજે આનંદ મોહન અને શાહબુદ્દીન જેવા માફિયાઓ પેદા કર્યા અને હવે સુશાસન બાબુ તેમને મહિમામંડિત કરવા આળોટી રહ્યા છે.

આનંદ મોહન અને તેના સાગરિતોએ જી.કૃષ્ણૈયાની હત્યા ત્યારે કરી હતી, જ્યારે તે ગોપાલગંજના ડીએમ હતા. એક ડીએમના હત્યારા પર મહેરબાનીનું આ એકમાત્ર ઉદાહરણ નથી. દેશમાં એવાં ઉદાહરણોની અછત નથી. એવું જ એક ઉદાહરણ છે મુખ્તાર અંસારી. મુખ્તાર પર સમયેસમયે મુલાયમ સિંહ અને માયાવતીની સરકારોએ તો મહેરબાની દેખાડી જ હતી, પણ એક સમયે પંજાબની કોંગ્રેસ સરકારે પણ ખૂબ મહેરબાની દેખાડી અને એવું કરીને તેણે તો બેશરમીની હદો પાર કરી દીધી. એ સમયે મુખ્યમંત્રી હતા કેપ્ટન અમરિંદર સિંહ.

મુખ્તાર અંસારી લગભગ ચાર વર્ષ પહેલાં યુપીની બાંદા જેલમાં કેદ હતો. ત્યાં યોગી સરકાર માફિયા પર કડકાઈ રાખતી હતી, તેથી મુખ્તારને જેલમાં ના તો મનમાની કરવા મળતી હતી અને ના કોઈ પ્રકારની અયોગ્ય સુવિધાઓ. અચાનક સમાચાર આવે છે કે તેણે બાંદા જેલમાંથી મોહાલીના એક બિલ્ડર પાસે દસ કરોડની ખંડણી માંગી છે. મોહાલીમાં એક રિપોર્ટ નોંધાય છે અને જાન્યુઆરી ૨૦૧૯માં મુખ્તારને બાંદાથી પંજાબ લાવીને રોપડની જેલમાં કેદ કરી દેવામાં આવે છે. તેના વિરુદ્ધ બિલ્ડરને ધમકાવવાની એફઆઈઆર પર પંજાબ પોલીસ કશું જ નથી કરતી. તે ચલાન પણ રજૂ નથી કરતી. મુખ્તાર ૨૭ મહિના રોપડની જેલમાં બંધ રહે છે. એ દરમ્યાન ઉત્તર પ્રદેશ પોલીસ કમ સે કમ ૨૫ વાર તેને બાંદા લાવવાની કોશિશ કરે છે, પરંતુ દર વખતે પંજાબ સરકાર કોઈને કોઈ અડચણ ઊભી કરે છે. ક્યારેક એ બહાને તેને યુપી પોલીસને નહોતો સોંપવામાં આવતો કે તેની પીઠમાં દર્દ છે અને ક્યારેક એ બહાને કે તે અવસાદ ગ્રસ્ત છે. ભગવંત માન સરકારના જેલ મંત્રી હરજોત સિંહ બેંસનું માનીએ તો આ ૨૭ મહિનામાં મુખ્તારને રોપડ જેલની એ બેરેકમાં એકલો રાખવામાં આવ્યો, જેમાં ૨૫ કેદી રહેવા જોઈતા હતા. મુખ્તારની પત્ની જેલની પાસે જ ભાડાના એક મકાનમાં રહેતી હતી, જેથી જ્યારે ચાહે પતિ પાસે વીઆઈપી સુવિધાવાળી બેરેકમાં જઈ શકે. હરજોત સિંહ બેંસનો એ પણ દાવો છે કે મુખ્તાર વિરુદ્ધ મોહાલીમાં નોંધાયેલ રિપોર્ટ બિલકુલ ખોટો હતો અને તેનો એકમાત્ર ઉદ્દેશ્ય તેને પંજાબની જેલમાં રાખવાનો હતો, જેથી તે ત્યાં તમામ સુખ-સુવિધાઓ સાથે રહી શકે.

ખબર નહીં મુખ્તાર અંસારીને બાંદાથી રોપડ લાવવાની યોજના કોની હતી, પરંતુ એ સમયે પંજાબના જેલ મંત્રી સુખજિંદર સિંહ રંધાવા હતા. એ કારણે શંકાની સોય તેમના તરફ જ તકાય છે. કારણ કે કહેવાય છે કે એક વખત જ્યારે રંધાવા લખનૌ ગયા હતા તો મુખ્તાર અંસારીના લોકોએ તેમનું સ્વાગત કર્યું હતું. ખબર નહીં સત્ય શું છે, પરંતુ એમાં કોઈ શંકા નહીં કે મુખ્તાર પંજાબ સરકારની મહેરબાનીથી ૨૭ મહિના સુધી રોપડ જેલમાં મોજ કરતો રહ્યો.

જ્યારે યુપી સરકાર પંજાબ સરકારની બહાનેબાજીથી કંટાળી ગઈ અને તમામ પ્રયાસો બાદ પણ મુખ્તારને રોપડ જેલમાંથી બાંદા ન લાવી શકી તો તેણે સુપ્રીમ કોર્ટનું શરણું લીધું. ત્યારની પંજાબ સરકાર તમામ લાજશરમ છોડીને સુપ્રીમ કોર્ટમાં એવી દલીલો કરવા લાગી કે ફલાણા કારણોસર મુખ્તારને યુપી પોલીસને ન સોંપી શકાય. પંજાબ સરકાર તરફથી વકીલ દુષ્યંત દવેએ સુપ્રીમ કોર્ટમાં મુખ્તારને યુપી પોલીસને નહિ સોંપવાની ખૂબ દલીલો કરી, પરંતુ નિષ્ફળ રહ્યા. સુપ્રીમ કોર્ટે યોગી સરકારના પક્ષમાં ચુકાદો આપતાં કહ્યું કે મુખ્તારને યુપી પોલીસને હવાલે કરવો જ જોઈએ. આખરે ગયા વર્ષે એપ્રિલમાં તેને રોપડથી બાંદા લાવી શકાયો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અહંકારરૂપી રાક્ષસથી દૂર રહેવું.

- શ્રી રામ શર્મા આચાર્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ વદ-૬, તા.૧૧ મે ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૨૦, ઉત્તરાષાઢા નક્ષત્ર, શુભ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૧૩, સૂ.અ.૭:૨૨

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : સામાજીક માન, પ્રતિષ્ઠા મળે. કર્મચારીઓને લાભ અપાવી શકશો.
વૃષભ : હિતશત્રુઓથી સાવધ રહેવું. વડીલવર્ગ તરફથી ઠપકો મળે.
મિથુન : ભાગીદારીથી સમજીનેવ્યવહાર કરવો. માન, પ્રતિષ્ઠા અને યશ મળે.
કર્ક : મન પ્રસન્ન રહે. સંતાનો માટે ખરીદી થાય.
સિંહ : મિલ્કતના પ્રશ્નો અંગે ચિંતા રહે. આકસ્મિક ચિંતા ઉદભવે.
કન્યા : સંદેશો મેળવવા-આપવામાં અનુકુળતા રહે. કાર્યસફળતા મળે.
તુલા : વડીલોનો સહકાર મળે. નાણાંકીય બોજ હળવો બને.
વૃશ્ચિક : જૂના આયોજનોને અમલમાં મૂકી શકાય.
ધન : ખર્ચનો પ્રસંગ બને. ઉતાવળ ન કરવી હિતાવહ.
મકર : મિત્રોથી આર્થિક લાભ મળે. નવા સંબંધો લાભદાયી નીવડે.
કુંભ : ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય. મિલ્કતના પ્રસંગો અંગે નિર્ણય લઈ શકાય.
મીન : અધ્યાત્મિક ક્ષેત્રે ખર્ચ થાય. વ્યર્થ દોડા-દોડી થાય.

# IPS બનવા ભાગેલી યુવતી ગાંધીનગરથી મળી

## યુનિવર્સિટી પોલીસે છોકરીનું લોકેશન ટ્રેસ કરીને તેનો પતો લગાવ્યો અને સગીરાનું માતા-પિતા સાથે મિલન કરાવ્યું

અમદાવાદ,તા.૧૧

આઈપીએસ ઓફિસર બનવા માટે કોલેજથી બારોબાર ભાગી ગયેલી ૧૭ વર્ષીય છોકરી આખરે ગાંધીનગરની એક હોસ્ટેલમાંથી સહી સલામત મળી આવી છે. યુનિવર્સિટી પોલીસે છોકરીનું લોકેશન ટ્રેસ કરીને તેનો પતો લગાવ્યો હતો અને સગીરાનું તેના માતા-પિતા સાથે મિલન કરાવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, સગીરા ભણવામાં ખૂબ જ હોશિયાર અને સ્માર્ટ છે. તેને ખૂબ ભણીને પોતાના પગ ઉપર ઉભું થવું છે પણ તેના માતાપિતા તેને લગ્ન માટે દબાણ કરતા હોવાથી તેના સપના પૂરા કરવા અને વધુ અભ્યાસ માટે કોઈને કહ્યા વિના જ નીકળી ગઈ હતી. અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી અને ખોખરાની એક કોલેજમાં એફવાયબીબીએનો અભ્યાસ કરે છે. ૨ મેના રોજ સગીરા તેની માતા સાથે નવરંગપુરા સ્થિત એક કોલેજમાં પરીક્ષા આપવા અંદર ગઈ પરંતુ બહાર ન આવતા માતાએ શોધખોળ કરી હતી. આ દરમ્યાન ઘરમાંથી સગીરાએ લખેલી એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં એવું લખાણ હતું કે, તે આઈપીએસ બનવા માંગતી હોવાથી દિલ્હી જાય છે અને તેને કોઈ શોધતા નહીં. આથી ચિંતિત પરિવારે ગુજરાત યુનિવર્સિટી પોલીસમાં દીકરી ગુમ થઈ હોવા અંગે ફરિયાદ નોંધતા પોલીસ દ્વારા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન પોલીસે લોકેશનના આધારે સગીરાને ગાંધીનગરની એક હોસ્ટેલમાંથી શોધીને માતા-પિતાને સોંપી હતી. ૧૭ વર્ષીય સગીરા ગાંધીનગરથી મળી આવ્યા બાદ પોલીસ દ્વારા તેનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન તેના ફોનમાંથી મળેલા ફોટો વિડીયો પણ પોલીસે જોયા હતા. જેમાં સગીરાને આઝાદી મળી હોય તે મુજબ તે ખૂબ જ ખુશ જોવા મળી હતી. કાઉન્સેલિંગ દરમ્યાન સગીરાએ પોલીસને જણાવ્યું કે, તેની માતા ઓછું ભણી હોવાથી તે ઘરના કામ અને જવાબદારીઓમાં પરોવાઈ ગઈ છે. આવું જીવન તે નથી જીવવા માંગતી અને ભણી ગણીને પોતાના પગ ઉપર ઉભી થઈને કંઈક બનવા માંગે છે. સગીરાની વાત સાંભળીને પોલીસે તેના માતા-પિતાને સમજણ આપી હતી અને ભવિષ્યમાં કોઈ તકલીફ પડે તો પોલીસ તેની સાથે છે અને મદદની ખાતરી આપીને એક પોલીસ અધિકારીએ પોતાનો પર્સનલ ફોન નંબર પણ આપ્યો હતો. પોતાના આઈપીએસ બનવાના સપનાની ઉડાન પામવા માટે સગીરા માતાની નજર ચૂકવીને કોલેજથી એરપોર્ટ અને ત્યાંથી ફ્લાઈટમાં બેસીને દિલ્હી પહોંચી જતાં પરિવારજનોના જીવ તાળવે ચોંટ્યા હતા. આઈપીએસ બનવાની ખ્વાઈશને કેવી રીતે આકાર આપવો તેની મથામણમાં તેણે દિલ્હી ખાતે યુપીએસસી સેન્ટર ઉપર જઈને આઈપીએસ બનવાની શું પ્રક્રિયા હોય છે સહિતની તમામ માહિતી લઈને પરત ગુજરાત આવી હતી. જોકે, તે ઘરે જવાને બદલે ગાંધીનગર સ્થિત એક હોસ્ટેલમાં જતી રહી હતી. ત્યારબાદ પોલીસે તેને લોકેશનના આધારે શોધી કાઢી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર સગીરાની મોટી બહેને પ્રેમ લગ્ન કર્યા હોવાથી માતાપિતા નાની દીકરી માટે પણ ચિંતિત હતા. તેથી જ તેના પર લગ્ન કરવા માટે દબાણ કરવામાં આવતું હતું. તેથી પોલીસે સગીરાના માતા-પિતાને બાહેંધરી આપી હતી કે, તેઓ તેમની દીકરીને ભણાવી-ગણાવીને જ લગ્નની વાત કરે. સમગ્ર મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ વી જે જાડેજાએ જણાવ્યું હતું કે, સંતાન સગીર વયનું હોય ત્યારે તેને ભણાવી ગણાવીને પગ ઉપર ઉભા થાય તે વ્યવસ્થા કરવાની જવાબદારી માતા-પિતાએ નિભાવવી જોઈએ.

# ગુજરાત સરકારમાં હવે રિલાયન્સ જીઓની એન્ટ્રી

## રિલાયન્સ જીઓ માટે રાજ્ય સરકારે પરિપત્ર બહાર પાડી દરેક કર્મચારીને તાત્કાલિક અસરથી ફેરફાર કરવા આદેશ આપ્યો




ગાંધીનગર,તા.૧૧

ગુજરાત સરકારમાં હવે રિલાયન્સ જીઓની એન્ટ્રી થઈ છે. જેમાં રાજ્ય સરકારના હજારો મોબાઇલ ફોન ઉપર હવે રિલાયન્સ સિમ એક્ટિવ થશે. તેમાં રાજ્ય સરકારે પરિપત્ર પાઠવી દરેક કચેરીને તાત્કાલિક અસરથી ફેરફાર કરવા આદેશ આપ્યો છે. રાજ્યમાં અત્યારસુધી વોડાફોન અને આઈડિયાની કંપનીના મોબાઈલ નંબરના પોસ્ટપેઈડ કનેક્શન સરકારી કર્મીઓ વાપરતા હતા. જોકે સરકારે એક પરિપત્ર બહાર પાડીને હવે Jioના નંબર વાપરવા માટે કર્મચારીઓને જાણ કરી છે. એ મુજબ માત્ર ૩૭.૫૦ના મંથલી રેન્ટલ ઉપર Jioનો સીયુજી પ્લાન લઈ શકશે, સરકારે કર્મચારીઓ માટે Jioનો માસિક ૩૭.૫૦નો પ્લાન લેવા એક પરિપત્ર જાહેર કર્યો છે, જેમાં ૬૦ સેકન્ડની પલ્સ રેટ રહેશે, કોઈપણ મોબાઈલ ઓપરેટર કે લેન્ડલાઈન પર ફ્રી કોલિંગ અને ૩ હજાર એસએમએસ ફ્રી રહેશે. ત્યાર બાદ પ્રતિ એસએમએસના ૫૦ પૈસા ચાર્જ લાગશે. આ સિવાય આંતરરાષ્ટ્રીય એસએમએસ કરવા ઉપર ૧.૨૫ રૂપિયાનો ચાર્જ લાગશે. પ્રતિ મિનિટના લેખે અમેરિકા, કેનેડા અને યુનાઈટેડ કિંગ્ડમ માટે રૂ. ૧.૬૦, શ્રીલંકા, ચીન, સિંગાપોર, તાઈવાન માટે રૂા. ૨.૫૦ યુકે છોડીને સમગ્ર યુરોપમાં મોબાઈલ ઉપર રૂા.૨.૫૦ તથા ફિક્સ્ડલાઈનમાટે રૂા. ૧.૬૦. જયારે ખાડી દેશોમાં કુવૈત, બેહરીન, યુનાઈટેડ અરબ અમીરાત, ઓમન અને કતાર માટે રૂા.૨.૫૦. આ સિવાયના દેશોમાં રૂા.૫ આઈએસડી ચાર્જ લાગશે. 4G ડેટા રૂા. ૨૫થી લઈને શરૂ રિલાયન્સ Jio સાથે કરાયેલા કરાર અનુસાર, સરકારી કર્મચારીઓને પ્રતિમાસ ૩૦ જીબી 4G ડેટા વાપરવા મળશે. જોકે પ્લાનમાં એડ કરવા માટે કર્મચારીઓ ૨૫ રૂપિયા ખર્ચવા પડશે. આ સિવાય ૬૦ જીબી 4G ડેટા વાપરવો હોય તો ૬૨.૫૦નો પ્લાન એડ કરવો પડશે. 4Gનો અનલિમિટેડ ડેટાનો પ્લાન લેવો હોય તો કર્મચારીઓ માસિક ૧૨૫નો પ્લાન એડ કરાવવો પડશે. રિલાયન્સ Jioનો ૩૦ જીબી 5G ડેટા વાપરવા માટે કર્મચારીઓ ૨૫ રૂપિયા ખર્ચવા પડશે. ૬૦ જીબી 5G ડેટા વાપરવો હોય તો ૬૨.૫૦નો પ્લાન એડ કરવો પડશે ઉપરાંત અનલિમિટેડ 5G ડેટા વાપરવા માટે મંથલી ૧૨૫નો ખર્ચવા પડશે. સરકાર દ્વારા Jio સાથે કરાર કરાયા છે, જે અંતર્ગત હવે રાજ્યના સરકારી કર્મચારીઓ Jioના સિમ વાપરશે. જોકે આ માટે તેઓ મેગા પોર્ટેબિલિટી કરાવશે અને રાજ્યભરના કર્મચારીઓના મોબાઈલ નંબર એના એ જ રહેશે, પરંતુ તેમની કંપની બદલાઈ જશે.

# બે ગુજરાતીઓને ઠગ કહેવાના કેસમાં અમદાવાદની મેટ્રો કોર્ટનો તપાસનો આદેશ

અમદાવાદ, તા.૧૧

'દો ગુજરાતી ઠગ હૈ' કહીને સમગ્ર ગુજરાતીઓનું અપમાન કરનારા બિહારના ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવ સામે સામાજિક કાર્યકરે બદનક્ષીની ફરિયાદ મેટ્રો કોર્ટમાં કરી હતી. અગાઉ ૧ મેએ કોર્ટ દ્વારા મેટ્રો કોર્ટમાં ફરિયાદીનું નિવેદન લેવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફરિયાદીએ કોર્ટમાં સીડી અને પેન ડ્રાઈવના પુરાવાનાં જરૂરી સર્ટિફિકેટ સાથે આપ્યા હતા. આ મામલે તાજેતરમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે આ મામલે કલમ ૨૦૨ અંતર્ગત પાવર વાપરીને કોર્ટ ઈન્કવાયરીના આદેશ આપ્યા છે. ઈન્કવાયરી બાદ કોર્ટ નક્કી કરશે કે તેજસ્વી યાદવને સમન્સ મોકલવું કે નહીં, વધુ સુનાવણી ૨૦ મેના રોજ હાથ ધરાશે, આ દિવસે ફરિયાદીને તમામ દસ્તાવેજ, પૂરાવા અને સાક્ષીઓને ઉપસ્થિત રહેવા કહેવામાં આવ્યું છે. ફરિયાદની સાથે ન્યૂઝ ચેનલના ફૂટેજ પણ મૂક્યા છે. ફરિયાદમાં એવી રજૂઆત કરાઈ છે કે બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ એક જવાબદાર વ્યક્તિ છે. તેમણે થોડા સમય પહેલાં મીડિયા સમક્ષ નિવેદન કર્યું હતું કે 'જો ભી દો ઠગ હૈના, જો ઠગ હૈ ઠગુ કો અનુમતી જો હૈ, આજ દેશ કી હાલાત મેં દેખા જાયે તો સિર્ફ ગુજરાતી હી ઠગ હો સકતે હૈ, હો શકે ઠગ કો માફ કિયા જાયેગા, એલ.આઈ.સી. કા રૂપિયા, બેંક કા રૂપિયા દે દો ફીર વો લોગ લે કે ભાગ જાયેંગે, તો કૌન જિમ્મેવાર હોગા' અમદાવાદના નરોડામાં રહેતા હરેશ મહેતાએ બિહારના ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવ વિરૂદ્ધ ગુજરાતીઓને 'ઠગ' કહેવા બદલ અમદાવાદ મેટ્રો કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. IPC સેક્શન ૪૯૯ અને ૫૦૦ અંતર્ગત બદનક્ષીની ફરિયાદ મેટ્રો કોર્ટમાં દાખલ થઈ છે. ફરિયાદી ઓલ ઈન્ડિયા એન્ટીકરપ્શન એન્ડ ક્રાઈમ પ્રિવેન્શન કાઉન્સિલ સંસ્થાના ઉપપ્રમુખ છે. ૧ મેએ હાથ ધરાયેલી સુનાવણીમાં હરેશભાઈનું વેરિફિકેશન લેવામાં આવ્યું હતું. ત્યાર બાદ દલીલો કરવામાં આવી હતી. તેજસ્વી યાદવ પહેલાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને સુરત કોર્ટે બદનક્ષીના કેસમાં ૨ વર્ષની સજા ફટકારી છે, જેની સામે રાહુલ ગાંધીએ ગુજરાત હાઈકોર્ટમાં હુકમ રદ કરવા માટે પિટિશન કરી છે.

# પીએમ કેયર્સ ફંડમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૫૩૫.૪૪ કરોડ રૂા. વિદેશી ફંડ તરીકે આવ્યા




નવી દિલ્હી તા.૧૧

કોરોના રોગચાળા સામે લડવા માટે, વર્ષ ૨૦૨૦માં બનાવવામાં આવેલા પીએમ કેર ફંડમાં માત્ર દેશમાંથી જ નહીં પરંતુ વિદેશમાંથી પણ ઘણું યોગદાન આપવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ ૫૩૫.૪૪ કરોડ રૂપિયા વિદેશી દાન સ્વરૂપે આપવામાં આવ્યા છે. આ દાન છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવ્યું છે. પીએમ કેર ફંડની રસીદ અને ચુકવણી ખાતા અનુસાર, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂા.૦.૪૦ કરોડનું દાન કરવામાં આવ્યું હતું, જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂા.૪૯૪.૯૨ કરોડ અને ત્યારબાદ ૨૦૨૧-૨૨માં રૂા. ૪૦.૧૨ કરોડનું દાન કરવામાં આવ્યું હતું. કોરોના રોગચાળા સામે લડવા માટે, વર્ષ ૨૦૨૦માં બનાવવામાં આવેલા પીએમ કેર ફંડમાં માત્ર દેશમાંથી જ નહીં પરંતુ વિદેશમાંથી પણ ઘણું યોગદાન આપવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ ૫૩૫.૪૪ કરોડ રૂપિયા વિદેશી દાન સ્વરૂપે આપવામાં આવ્યા છે. આ દાન છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવ્યું છે. પીએમ કેર ફંડની રસીદ અને ચુકવણી ખાતા અનુસાર, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂા. ૦.૪૦ કરોડનું દાન કરવામાં આવ્યું હતું, જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂા. ૪૯૪.૯૨ કરોડ અને ત્યારબાદ ૨૦૨૧-૨૨માં રૂા. ૪૦.૧૨ કરોડનું દાન કરવામાં આવ્યું હતું. બીજી તરફ સ્વૈચ્છિક દાનની વાત કરીએ તો વિદેશી દાનની જેમ તેમાં પણ વર્ષ ૨૦૨૦-૨૧માં ઘણો વધારો થયો હતો, પરંતુ તેના હેઠળ દાનમાં આપવામાં આવતી રકમમાં આવતા વર્ષે જ ઘટાડો થયો હતો. સ્વૈચ્છિક યોગદાન હેઠળ, વર્ષ ૨૦૨૧માં ૭૧૮૩.૭૭ કરોડ રૂપિયાનું દાન કરવામાં આવ્યું હતું જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં આ રકમ ઘટીને ૧,૮૯૬.૭૬ રૂપિયા થઈ ગઈ હતી. તમને જણાવી દઈએ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૮ માર્ચ, ૨૦૨૦ના રોજ કોરોના રોગચાળાનો સામનો કરવા માટે લોકોના સહયોગ માટે પીએમ કેર ફંડની જાહેરાત કરી હતી. જોકે ત્યારથી તે વિવાદમાં છે. ૧ એપ્રિલ, ૨૦૨૦ના રોજ એક આરટીઆઈ પણ દાખલ કરવામાં આવી હતી, જેમાં પીએમ કેર ફંડ સંબંધિત તમામ માહિતી માંગવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે, આ પહેલા પણ એક રિપોર્ટ આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં સરકારી કંપનીઓએ પણ આ ફંડમાં ઘણા પૈસા દાન કર્યા છે. માહિતી અનુસાર, સરકારી કંપનીઓએ આમાં ૨૯૦૦ કરોડથી વધુનું યોગદાન આપ્યું હતું. રિપોર્ટ અનુસાર, છેલ્લા ત્રણ વર્ષમાં ૫૭ સરકારી કંપનીઓ દ્વારા ૨૯૧૩.૬ કરોડ રૂપિયાનું દાન કરવામાં આવ્યું હતું, જે કુલ દાનના ૫૯.૩ ટકા હોવાનું કહેવાય છે.

# તિહાર જેલમાં ગેંગસ્ટરની હત્યા કરવા મામલે તમિલનાડુ પોલીસના ૭ અધિકારીઓને કરાયા સસ્પેન્ડ : અહેવાલ

નવી દિલ્હી તા.૧૧

ગેંગસ્ટર ટિલ્લુ તાજપુરિયા મર્ડર કેસ જેલ પ્રશાસને મોટી કાર્યવાહી કરી છે. ટિલ્લુની હત્યાના સીસીટીવી ફૂટેઝ સામે આવ્યા બાદ તિહાડ જેલના સાત કર્મચારીઓનો સસ્પેન્ડ કરી દીધા છે. દિલ્હી જેલ વિભાગે આ કાર્યવાહી કરી હતી. જેલ અધિકારીએ આ જાણકારી આપી હતી. જેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે ગેંગસ્ટર ટિલ્લુ તાજપુરિયા હત્યા મામલે તિહાડ જેલના કુલ સાત કર્મચારીઓ, જેમાં ૩ સહાયક અધીક્ષક અને ૪ વોર્ડન સમાવેશ થાય છે. તેમને સસ્પેન્ડ કરી દીધા હતા. ૨ અન્ય વિરૂદ્ધર ખાતાકિય તપાસ શરૂ કરી દીધી છે. ડીજીએ તમિલનાડુ સ્પેશિલ પોલસી ફોર્સના જવાનોના કમાંડન્ટ સાથે વાત કરી હતી. જે એ સમયે હાજર હતા. કમાન્ડટને એ સમયે તેમની વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરવા માટેર કહેવાયું હતું. તાજપુરિયાને કથિત રીતે પ્રતિદ્વંદ્વી ગોગી ગેંગના ચાર ગેંગસ્ટર જેમાંથી દીપક ઉર્ફે તીતર, યોગેશ ઉર્ફે ટુંડા, રાજેશ અને રિયાઝ ખાને હત્યા કરી દીધી હતી. આરોપીએ તેના ઉપર હથિયારોથી હુમલો કર્યો હતો. જેલના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે તેમણે ઘટનાની ખાતાકિય તપાસ કરી હતી. તેમણે રિપોર્ટ શુક્રવારે મળ્યો છે અને નવ જેલ કર્મચારીઓની બેદરકારી મળી આવી હતી. જેમાંથી સાત લોકોને સસ્પેન્ડ કર્યા હતા. હુમલામાં તમિલનાડુ વિશેષ પોલીસ દળના અધિકારી સાથે બેઠક કરી હતી. તેમણે પોતાના કર્મચારીઓ વિરૂદ્ધર ખાતાકીય કાર્યવાહી કરવામાં સહમતિ વ્યકત કરી હતી. તમિલનાડુ વિશેષ પોલીસ જેલ પરિસરમાં સુરક્ષા ઉપલબ્ધ કરાવે છે. ટિલ્લુ તાજપુરિયાની હત્યાનો સીસીટીવી વીડિયો સામે આવ્યા બાદ જેલ પ્રશાસનમાં હડકંપ મચી ગયો હતો. ટિલ્લુની હત્યાનો વીડિયો સોશિયલ મીડિયા ઉપર ભારે વાયરલ થઈ રહ્યો છે. જેના ઉપર યુઝર્સ જેલ પ્રશાસનની સુરક્ષાને લઈને પ્રશ્ન ઉઠાવ્યો હતો. સીસીટીવી ફૂટેઝણાં કથિત રીતે જોવા મલે છે કે ગેંગસ્ટર ટિલ્લુ તાજપુરિયા ઉપર સુરક્ષા કર્મચારીઓની સામે જ આરોપી હથિયારો સાથે હુમલો કરે છે.

# સ્થળાંતર કામદારોના ફેક ન્યૂઝનો વિવાદ : સુપ્રીમ કોર્ટે નકલી સમાચાર ફેલાવવાના આરોપમાં યુટ્યુબરની રાહત માંગતી અરજી ફગાવી દીધી

(એજન્સી) તા.૧૧

સુપ્રિમ કોર્ટે ૮ મેના રોજ યુટ્યુબર મનીષ કશ્યપ દ્વારા કેસોને કલબ કરવા અને પટણામાં કેસોને ટ્રાન્સફર કરવા માટે દાખલ કરવામાં આવેલી અરજીમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો હતો. આ અરજીઓમાં તેના ઉપર તમિલનાડુમાં બિહારના સ્થળાંતર કરનારાઓ ઉપર હુમલો કરવામાં આવી રહ્યો છે તે અંગે 'બનાવટી' વીડિયો ફેલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે કશ્યપના વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહને કહ્યું કે, અમારે અહીં ગંભીર કેસો છે. આ બધા સ્થિર રાજ્યો છે. તમિલનાડુ શાંત રાજય છે તમે કંઈપણ વિડીયો બનાવો છો અને તે રાજ્યમાં અશાંતિ પેદા કરો છો. અમે આવી વસ્તુઓ માટે રાહત આપી શકીએ નહીં. કોર્ટે કહ્યું કે કશ્યપ અન્ય મંચો સમક્ષ કાયદા અનુસાર તેના કાનૂની ઉપાયો માટે સ્વતંત્ર છે. કશ્યપ ઉપર રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને અનેક એફઆઈઆરમાં તમિલનાડુમાં અટકાયતમાં રાખવામા આવ્યો છે. તમિલનાડુ માટે વરિષ્ઠ વકીલ કપિલ સિબલ, વધારાના એડવોકેટ જનરલ અમિત તિવારી અને એડવોકેટ જોસેફ એરિસ્ટોટલે જણાવ્યું હતું કે કશ્યપની પોતાની રાજકીય આકાંક્ષાઓ હતી અને આ વીડિયો રાજકીય તકવાદનો પ્રયાસ હતો. આરોપીએ તામિલનાડુની અનિશ્ચિત પરિસ્થિતિમાંથી લાભ મેળવવાનો પ્રયાસ કર્યો હતો જે અસ્પષ્ટ નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે તેણે રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર શાંતિની કોઈ ચિંતા કર્યા વિના રાજકીય લાભ મેળવવા માટે સંવેદનશીલ પરિસ્થિતિનું સર્જન કર્યું અને તેનો સભાનપણે ઉપયોગ પણ કર્યો હતો. કશ્યપ બિહારમાં પણ ફોજદારી કાર્યવાહીનો સામનો કરી રહ્યો છે. કશ્યપ માટે વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહે દલીલ કરી હતી કે તેનો અસીલ પત્રકાર છે. તેના ઉપર NSA હેઠળ ખોટો આરોપ મૂકવામાં આવ્યો છે. જો આ યુવક અટકાયત હેઠળ જેલમાં રહેશે, તો પત્રકારત્વ જોખમમાં છે. બિહારના રાજયના વકીલે કશ્યપ "રીઢો અપરાધી" હોવાનો વિરોધ કર્યો હતો. તેની અગાઉ ૨૦૧૯માં ધરપકડ કરવામાં આવી હતી. તેણે વિધાનસભા અને સંસદીય ચૂંટણી પણ લડી હતી. તમિલનાડુએ પણ એફઆઈઆરને કલબ કરવાની અરજી સામે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે તે જુદા જુદા ગુનાઓ સાથે સંબંધિત છે. તમિલનાડુએ સુપ્રીમ કોર્ટમાં ખુલાસો કર્યો હતો કે બિહાર પરપ્રાંતિય મજૂરો ઉપરના હુમલા અંગે કશ્યપ દ્વારા કથિત રીતે ઓનલાઈન પોસ્ટ કરાયેલા ખોટા અને વણચકાસેલા વીડિયો એ હિંસા અને રમખાણો માટે કારણભૂત બની શકયા હોત પરંતુ પોલીસ અને રાજ્ય સત્તાવાળાઓની સમયસર કાર્યવાહી કરી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર પોસ્ટ કરવામાં આવેલા ખોટા અને વણચકાસાયેલા વીડિયો દ્વારા, આરોપી કશ્યપ બિહારના સ્થળાંતર મજૂરો અને તમિલનાડુના લોકો વચ્ચે હિંસા ભડકાવવા અને ભાષાના આધારે જુદા જુદા જૂથો વચ્ચે દુશ્મનાવટ ઊભી કરવાનો પ્રયાસ કર્યો અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખરાબ કરવાના પ્રયાસ કર્યા હતા. રાજ્યએ તેની તાજેતરની એફિડેવિટમાં જણાવ્યું હતું કે તમિલનાડુ પોલીસ અને સત્તાવાળાઓ દ્વારા તેમના બિહાર સમકક્ષો સાથે સંપર્ક કરવા અને ઓનલાઈન ફેલાયેલી ખોટી માહિતી અને અફવાઓ પછી સ્થળાંતર કામદારોની વધતી ચિંતાઓને દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા. જો આ પ્રયાસો કરવામાં આવ્યા ન હોત તો આવી ખોટી માહિતી અને અફવાઓ ચોક્કસપણે તમિલનાડુ રાજ્યમાં હિંસા અને રમખાણો કારણભૂત બની હોત.

# નવું વ્હોટ્સએપ કૌભાંડ : સ્કેમર્સ દ્વારા ઈન્ટરનેશનલ કોલ અને જોબ ઓફર્સ દ્વારા સોશિયલ મીડિયા ઉપર અરાજકતા ફેલાવાઈ

## વ્હોટ્સએપ કોલ ઈન્ટરનેટનો યૂઝ કરીને કરવામાં આવે છે, એક જ શહેરમાં કેટલીક એજન્સીઓ દ્વારા વ્હોટ્સએપ કોલ માટેના ઈન્ટરનેશનલ નંબર વેચવામાં આવે છે, તેના લીધે જ કોઈપણ વ્યક્તિ ઈન્ટરનેશનલ કોલનો ચાર્જ ચૂકવ્યા વિના જ આ કોલ કરી શકે છે

મુંબઈ તા.૧૧

વ્હોટ્સએપ યુઝર્સના જીવનનો એક ભાગ બની ગયું છે, તેના વિના ઘણા કાર્યો અધૂરા રહી જાય છે. વ્હોટ્સએપના વિશ્વભરમાં અબજો વપરાશકર્તાઓ છે. જો કે, આ પ્લેટફોર્મ ઉપર વારંવાર સ્કેમર્સના કિસ્સાઓ સામે આવે છે, જેમાં લોકોને મોટું નુકસાન પણ થાય છે. હાલમાં જ એક નવો મામલો સામે આવ્યો છે જેમાં લોકોને ઈન્ટરનેશનલ નંબર ઉપરથી કોલ આવી રહ્યા છે. આ કોલ્સ ઈથોપિયા (+૨૫૧), મલેશિયા (+૬૦), ઈન્ડોનેશિયા (+૬૨), કેન્યા (+૨૫૪), વિયેતનામ (+૮૪) અને અન્ય જેવા વિવિધ દેશોમાંથી આવી રહ્યા છે. જોકે, તેનો અર્થ એ નથી કે જો આ કોલ્સ કોઈ અલગ દેશના કોડથી શરૂ થાય છે, તો આ કોલ્સ એક જ દેશના છે. આપણે બધા જાણીએ છીએ કે, વ્હોટ્સએપ કોલ ઈન્ટરનેટ દ્વારા ચાલે છે. અહેવાલો અનુસાર, તમે જયાં રહો છો ત્યાં એવી એજન્સીઓ કામ કરી રહી છે જે તે જ શહેરમાં વ્હોટ્સએપ કોલ માટે આંતરરાષ્ટ્રીય નંબર વેચી રહી છે. આવી સ્થિતિમાં કોઈપણ વ્યક્તિ કોઈપણ ચાર્જના ટેન્શન વિના આવા નંબરોથી આંતરરાષ્ટ્રીય કોલ્સ કરી શકે છે. ટ્વિટર ઉપર કેટલાક વપરાશકર્તાઓએ આંતરરાષ્ટ્રીય નંબરો ઉપરથી એક કરતા વધુ વખત કોલ્સ પ્રાપ્ત કર્યાની જાણ કરી છે. તમે આ માટે શું કરી શકો ? તેનાથી બચવાનો સૌથી સહેલો રસ્તો એ છે કે, કોઈપણ અજાણ્યા આંતરરાષ્ટ્રીય કોલનો જવાબ ન આપવો. જો તમને અચાનક કોઈ આંતરરાષ્ટ્રીય નંબર ઉપરથી કોલ આવે છે, તો તે બંધ અથવા ડિસ્કનેક્ટ થવો જોઈએ અને વધારાની સુરક્ષા માટે નંબરને કાપી નાખવું શ્રેષ્ઠ છે. તમારી અંગત વિગતો મેળવવાનો પ્રયાસ કરવાથી માંડીને તમારા પૈસાની ચોરી કરવા સુધી, આ સ્કેમર્સ પાસે ઘણા પાછળના હેતુઓ હોઈ શકે છે. તમારે ક્યારેય પણ કોઈપણ ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવા જોઈએ નહીં, આ સિવાય તમારે કોઈપણ અજાણ્યા વ્યક્તિને તમારી વ્યકિતગત વિગતો પૂછીને તમારી વિગતો ક્યારેય મોકલવી જોઈએ નહીં. કોલ્સ ઉપરાંત, વ્હોટ્સએપ મેસેજ દ્વારા જોબ ઓફર્સ આવી રહી છે જેમાં સ્કેમર્સ પ્રતિષ્ઠિત કંપનીના હોવાનો ઢોંગ કરે છે અને તમને કહે છે કે, તેઓ તમને પાર્ટ ટાઈમ જોબ ઓફર કરી શકે છે જે તમારા ઘરના આરામથી કરી શકાય છે. મોટાભાગના કિસ્સાઓમાં સ્કેમર્સ પ્રથમ એક કાર્ય પૂર્ણ કરવા માટે નાના પુરસ્કારની ઓફર કરીને લોકોને લલચાવે છે. એકવાર વપરાશકર્તાઓને તેમના પૈસા મળી જાય પછી તેઓ સ્કેમર્સ ઉપર વિશ્વાસ કરવાનું શરૂ કરે છે જેના પછી તેઓ એક મોટા કૌભાંડમાં ફસાઈ જાય છે જેના કારણે તેમને મોટું નુકસાન થઈ શકે છે. ભૂતકાળમાં પણ આવા કિસ્સાઓ સામે આવ્યા છે અને આ બાબતને ટ્વિટર ઉપર કેટલાક યુઝર્સ દ્વારા જાગૃતિ લાવવા માટે હાઈલાઈટ પણ કરવામાં આવી છે.

# વંદે ભારત એક્સપ્રેસ દેશના ખૂણે–ખૂણાને જોડતી વંદે ભારત એક્સપ્રેસ



ભારતીય રેલ્વેને માત્ર દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં શ્રેષ્ઠ બનાવવા માટેઝડપથી કામ ચાલી રહ્યું છે. સ્વદેશી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન હોય કે પછી ટ્રેન અકસ્માતોને રોકવા માટે સુરક્ષા કવચ હોય, આ બધું જ દેશના એન્જિનિયરો દ્વારા જ તૈયાર કરવામાં આવી રહ્યું છે. દેશમાં હાઈ સ્પીડ કનેક્ટિવિટીની સાથે વિદેશોમાં પણ તેની વધી રહીછે. આ જરૂરિયાત પૂરી કરવા માટે કામ ઝડપથી ચાલી રહ્યું છે. કામની ગતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે પ્રધાનમંત્રી મોદીએ ૧ થી ૧૨ એપ્રિલ દરમિયાન દેશમાં ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલીઝંડી બતાવી હતી...

છેલ્લા નવ વર્ષથી ભારતીય રેલ્વેને વિશ્વનું શ્રેષ્ઠ રેલ નેટવર્ક બનાવવાનો અમારો નિરંતર પ્રયાસ રહ્યો છે. આજે રેલ્વેમાં કેવી રીતે આધુનિકીકરણ થઈ રહ્યું છે તેનું ઉદાહરણ છે રેલ્વેના વિદ્યુતીકરણનું કામ. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

**દક્ષિણ ભારતને વધુ બે નવી વંદે ભારત**

તમિલનાડુના ચેન્નઈમાં સ્થિ ચેન્નઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૮ એપ્રિલના રોજ ચેન્નઈ-કોઈમ્બતુર વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી હતી. તેનાથી ચેન્નઈ અને કોઈમ્બતુર વચ્ચેનું અંતર તો ઘટશે જ સાથે સાથે તેનાથી કનેક્ટિવિટીમાં પણ સુધારો આવશે. બંને શહેરો વચ્ચેની યાત્રા હવે માત્ર છ કલાકમાં પૂરી થશે. આ ટ્રેનથી સેલમ, ઈરોડ અને તિરુપુર જેવા ટેક્સટાઈલ અને ઔદ્યોગિક કેન્દ્રોને પણ લાભ મળશે. મદુરાઈનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, આ શહેર તમિલનાડુની સાંસ્કૃતિક રાજધાની છે અને વિશ્વના સૌથી જૂના શહેરોમાંનું એક છે. ૮ એપ્રિલના દિવસે જ પ્રધાનમંત્રી મોદીએ તેલંગાણાના હૈદરાબાદના સિકંદરાબાદ રેલ્વે સ્ટેશનથી સિકંદરાબાદ-તિરુપતિ વંદે ભારત એક્સપ્રેસને પણ લીલી ઝંડી બતાવી હતી. આ ટ્રેન નાલગોંડા, ગુંટુર, ઓંગોલ અને નેલ્લોર સ્ટેશનો પર રોકાશે.

**દિલ્હીથી ભોપાલની સફર સરળ બની, ૭.૩૦ કલાકમાં અંતર કપાશે**

મધ્યપ્રદેશના ભોપાલના રાણી કમલાપતિ રેલ્વે સ્ટેશનથી ૧ એપ્રિલના રોજ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવીને રવાના કરવામાંઆવી હતી. ભોપાલ અને હઝરત નિઝામુદ્દીન વચ્ચે ચાલતી આ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનથી સાંચી, ભીમબેટકા, ભોજપુર અને ઉદયગિરી ગુફાઓમાં પ્રવાસન વધશે તેવી અપેક્ષા છે. આનાથી આ પ્રદેશના લોકોને રોજગાર અને સ્વ-રોજગારીની તકો તો મળશે જ, સાથે સાથે અહીંના લોકોની આવકના સ્રોતમાં પણ વધારો થશે.

**શતાબ્દી એક્સપ્રેસ કરતાં એક કલાક પહેલાં પહોંચાડશે દિલ્હી કેન્ટ- અજમેર વંદે ભારત એક્સપ્રેસ**

રાજસ્થાનની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને ૧૨ એપ્રિલના રોજ પ્રધાનમંત્રી મોદીએ લીલી ઝંડી બતાવી હતી. આ ટ્રેન જયપુરથી દિલ્હી કેન્ટ રેલ્વે સ્ટેશન વચ્ચે દોડશે. વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની મદદથી દિલ્હી કેન્ટ અને અજમેર વચ્ચેનું અંતર પાંચ કલાક અને ૧૫ મિનિટમાં કાપવામાં આવશે. આ રૂટ પરની વર્તમાન સૌથી ઝડપી ટ્રેન શતાબ્દી એક્સપ્રેસ છે જે દિલ્હી કેન્ટથી અજમેર સુધી ૬ કલાક ૧૫ મિનિટમાં પહોંચે છે. આ ટ્રેન પુષ્કર, અજમેર શરીફ દરગાહ વગેરે સહિત રાજસ્થાનના મુખ્ય પ્રવાસન સ્થળોની કનેક્ટિવિટીમાં સુધારો કરશે.

# દેશની પ્રથમ AI યુનિવર્સિટી, વર્ચ્યુઅલ રિયાલિટી-સુપર કોમ્પ્યુટર ઉપર થશે અભ્યાસ




ભારતની પ્રથમ એઆઈ યુનિવર્સિટી ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. આ યુનિવર્સિટીમાં અભ્યાસક્રમો શીખવવા માટે તમામ આધુનિક એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરવામાં આવશે. યુનિવર્સલ બિઝનેસ સ્કૂલે ભારતની ૧લી એઆઈ યુનિવર્સિટી, યુનિવર્સલ એઆઈ યુનિવર્સિટી, મુંબઈના કર્જતમાં તેના સ્થાનની નજીક શરૂ કરી છે. સારી વાત એ છે કે મુંબઈના બહારના વિસ્તારમાં આવેલી આ યુનિવર્સિટી ૦૧ ઓગસ્ટથી કાર્યરત થઈ જશે. દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ભારતની આ પ્રકારની પ્રથમ છેં યુનિવર્સિટી શરૂ કરવામાં આવશે,જેમાં એઆઈ દ્વારા શીખવવામાં આવશે અને તે એઆઈ એજ્યુકેશનમાં મહત્વની ભૂમિકા ભજવશે. મુંબઈની આ યુનિવર્સિટીમાં એઆઈના અભ્યાસ માટે પણ વિવિધ તૈયારીઓ કરવામાં આવી છે, જેમ કે હાઈટેક ક્લાસ રૂમ, સુપર કોમ્પ્યુટર અને વર્ચ્યુઅલ રિયાલિટી ડિવાઈસ. આ યુનિવર્સિટીમાં હવે દરેક વિષયને ભણાવવા માટે દરેક પ્રવાહમાં **AI**નો ઉપયોગ કરવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આ યુનિવર્સિટીમાં મુખ્ય પાત્ર તરીકે કામ કરશે.

# ગોવામાં ત્રીજી G-20 ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રૂપની બેઠક યોજાઈ, વિદેશી પ્રતિનિધિઓ ભારતીય મહિલાઓના યોગદાન અંગે માહિતગાર થયા

## બેઠકના બીજા દિવસે કુલ ત્રણ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું: બેઠક દરમ્યાન ૮૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો : ૮મી મેએ મહિલા નેતૃત્વ વિકાસ ઉપર એક સાઈડ ઈવેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું



પણજી,તા. ૧૧

**G-20** ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપ (**DWG**)ની ત્રીજી બેઠક ગોવામાંયોજાઈ હતી. ૮થી ૧૧ મે દરમિયાન યોજાયેલી આ બેઠકમાં **G20** સભ્યો, ૯ આમંત્રિત દેશો અને વિવિધ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સંગઠનોના ૮૦ થી વધુ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. **DWG** મીટિંગના બીજા દિવસની શરૂઆત **'ECHO'** ના ઉદઘાટન સાથે થઈ. આ પ્રસંગે 'મહિલા નેતૃત્વ વિકાસ' પર એક પ્રદર્શનનું આયોજન કરવામાંઆવ્યું હતું, જેમાં ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવામાં મહિલાઓની ભૂમિકા દર્શાવવામાં આવી હતી. આ પ્રદર્શનમાં મહિલાઓની આગેવાની હેઠળના વિકાસ, પોષણ, આબોહવા પરિવર્તનના મુદ્દાઓ અને આર્થિક સશક્તિકરણમાં તેમના યોગદાનમાં ભારતની તાકાત દર્શાવવામાંઆવી હતી.

આ બેઠકની અધ્યક્ષતા ભારતના **DWG**ના સહ-અધ્યક્ષ- વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ કે.કે. નાગરાજ નાયડુ અને ઈનમ ગંભીર દ્વારા કરવામાં આવી હતી. **DWG** બેઠકનું ઔપચારિક ઉદઘાટન વિદેશ મંત્રાલયના સચિવ (આર્થિક સંબંધો) શ્રી દમ્મુ રવિના વિડીયો સંદેશથી કરવામાં આવ્યું હતું.

બેઠકના બીજા દિવસે કુલ ત્રણ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા, કેન્દ્રીય વિદેશમંત્રાલયના સંયુક્ત સચિવ (**G-20**) ઈનમ ગંભીરે જણાવ્યું હતું કે, "પ્રદર્શનમાં પાયાના વ્યવસાયો, મહિલા ઉદ્યોગસાહસિકો, પર્યાવરણવાદીઓ અને મહિલા જૂથો સાથે કામ કરતા લોકોને દર્શાવવામાં આવ્યા. વધુમાં તેમણે જણાવ્યું કે, આ પ્રદર્શન પ્રતિનિધિઓ માટે ગોઠવવામાં આવ્યું છે કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સૂચવવામાં આવેલા વિકાસ કાર્ય જૂથ માટે મહિલાઓના નેતૃત્વમાં વિકાસ એ ખૂબ જ મહત્વપૂર્ણ પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે મહિલાઓના નેતૃત્વમાં વિકાસ, પોષણ, આબોહવાની સમસ્યાઓ અને આર્થિક સશક્તિકરણ પર ભાર મૂકવામાં આવે છે. અમારો પ્રયાસ ભારતની પાયાની મહિલાઓ આ પહેલોનું નેતૃત્વ કરી રહી છે તે દર્શાવવાનો છે." સત્રો વચ્ચેના વિરામ દરમિયાન મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સહયોગથી 'મહિલાઓના નેતૃત્વમાં વિકાસ'ની થીમ પર એક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગોવા સરકારના સહયોગથી, **G20** પ્રતિનિધિઓને પણ ગોવાના સમૃદ્ધ વારસાની ઝલક જોવા મળી. ગોવા સરકારના કેટલાક વરિષ્ઠ મહાનુભાવોએ પણ આ પ્રસંગે સામાજિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. **DWG** મીટિંગ પહેલા ૮ મેના રોજ મહિલા નેતૃત્વ વિકાસ પર એક સાઈડ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈવેન્ટ દરમિયાન, લિંગ સમાનતા અને મહિલાઓની આગેવાનીમાં વિકાસ હાંસલ કરવા આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓની સંપૂર્ણ ભાગીદારી પર ચર્ચા કરવામાં આવી હતી. અગાઉ, **G-20** ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રૂપ (**DWG**)ની બેઠક ગયા વર્ષે ૧૩ થી ૧૬ ડિસેમ્બર દરમિયાન મુંબઈમાં યોજાઈ હતી જ્યારે **DWG**ની બીજી બેઠક આ વર્ષે એપ્રિલમાં કેરળના કુમારકોમમાં યોજાઈ હતી.

# એશિયા કપનું આયોજન દુબઈ નહીં પણ શ્રીલંકામાં થવાની ચર્ચા વચ્ચે પાકિસ્તાને બહિષ્કારની આપી ચેતવણી




મુંબઈ,તા.૧૧

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધિકારીઓએ આ વર્ષના એશિયા કપને શ્રીલંકામાં શિફ્ટ કરવાનો વિરોધ કર્યો છે. અધિકારીઓનું કહેવું છે કે જો એશિયન ક્રિકેટ કાઉન્સિલ તેમના પ્રસ્તાવનો સ્વીકાર નહીં કરે તો તેઓ આ એશિયા કપનો બહિષ્કાર કરવા ગંભીરતાથી વિચારી રહ્યાં છે. પીસીબીના વડા નજમ સેઠી ગઈકાલે દુબઈમાં છઝઝ અધિકારીઓને મળ્યા હતા અને એશિયા કપને યુએઈને બદલે શ્રીલંકામાં શિફ્ટ કરવાના પગલા સામે વાંધો ઉઠાવ્યો હતો પીસીબીના એક વિશ્વસનીય સૂત્રએ જણાવ્યું હતું કે સેઠીએ આગ્રહ કર્યો છે કે એસીસીએ એશિયા કપ ૨૦૨૩ માટે પાકિસ્તાનના સંશોધિત હાઈબ્રિડ મોડલ પ્રસ્તાવને સ્વીકારવો જોઈએ અને જો બહુમતી સભ્યો ઈચ્છે છે કે તે ૨૦૧૮ અને ૨૦૨૨ની જેમ અન્ય જગ્યાએ યોજાય તો તેને યુએઈમાં આયોજન કરવું જોઈએ. સૂત્રએ વધુમાં ઉમેર્યું હતું કે સેઠીએ યુએઈની ગરમીને લઈને બીસીસીઆઈની ચિંતા અંગે પણ એસીસીને જાણ કરી છે.બીસીસીઆઈએ એસીસીને કહ્યું છે કે સપ્ટેમ્બરમાં યુએઈમાં રમવું ખૂબ જ ગરમ હશે, પરંતુ સેઠીએ કહ્યુ કે આ આજે આ વાતને કહી રહ્યા છે જે સપ્ટેમ્બરથી નવેમ્બર ૨૦૨૦ સુધી યુએઈમાં તેની આઈપીએલનું આયોજન કરી ચુક્યા છે. સૂત્રએ જણાવ્યું હતું. સેઠીએ એસીસીને એક નવું હાઈબ્રિડ મોડલ શેડ્યૂલ આપ્યું છે અને તે એક એવો પ્રસ્તાવ છે જે હવે હુકરાવી ન જોઈએ. પીસીબી પણ આશ્ચર્યમાં છે કે શ્રીલંકા ક્રિકેટ બોર્ડ બીસીસીઆઈને પાછળથી સમર્થન આપી રહ્યું છે. પીસીબીના એક સૂત્રએ કહ્યું આ આશ્ચર્યજનક છે કારણ કે આ પહેલા ફેબ્રુઆરીમાં એસીસી બોર્ડની છેલ્લી બેઠકમાં, પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાને લંકાના પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો અને એ વાત પર સહમતિ થઈ હતી કે પાકિસ્તાન યજમાન તરીકે ચાલુ રહેશે. પીસીબીના અધ્યક્ષ નજમ સેઠીએ પોતાના અધિકારીઓને કહ્યું હતું કે જો દેશમાં એશિયા કપનું આયોજન ન થાય તો આ વર્ષે એશિયા કપ વિન્ડોમાં ૩ થી ૪ દેશોને પાકિસ્તાનમાં આયોજિત કરવા પર કામ કરવાનું શરૂ કરી દે. જો પાકિસ્તાન એશિયા કપ ૨૦૨૩નો બહિષ્કાર કરે છે તો યુએઈની ટીમ ટૂર્નામેન્ટ રમતી જોવા મળી શકે છે. આ રીતે ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન, નેપાળ અને યુએઈની ટીમો એશિયા કપનો ભાગ બનશે. પાકિસ્તાન માટે બીજું નુકસાન એ થશે કે ટીમને છઝઝની કમાણીનો હિસ્સો પણ નહીં મળે. જો કે આ દરમિયાન પાકિસ્તાન ત્રિકોણીય શ્રેણીનું આયોજન કરી રહ્યું છે.

# GPSCની આન્સર કીમાં વિસંગતતાનો ભોગ બનનાર વિદ્યાર્થી મેઈન પરીક્ષા આપી શકશે

અમદાવાદ,તા. ૧૧

ગુજરાત ગૌણ સેવા મંડળની પરીક્ષાને લઈને થયેલી એક અરજી મામલે હાઈકોર્ટે એક મહત્વનો હુકમ કર્યો છે. હાઈકોર્ટે અરજદારોને મેઈન પરીક્ષામાં બેસવા દેવા માટે હુકમ કર્યો છે. ખરેખરમાં, **GPSC** વર્ગ ૧ અને ૨ તેમજ મ્યુનિસિપલ ચીફ ઓફિસરની ભરતી પ્રક્રિયા મુદ્દે પરીક્ષાર્થીઓએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેની સુવાનણી થઈ હતી અને કોર્ટે અરજદારના તરફેણમાં હુકમ કર્યો હતો. એટલુ જ નહીં ફાઈનલ આન્સર કીના જવાબોમાં પણ વિસંગતતા હોવાનો કોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે અરજદાર પરીક્ષાર્થીઓને મેઈન પરીક્ષામાં બેસવા દેવા માટે હુકમ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે આ તમામ અરજદારોની પ્રાથમિક રજૂઆતોને સાંભળ્યા બાદ એક મહત્વનો હુકમ આપ્યો હતો.

# 'નલ સે જલ' દ્વારા છેવાડાના નાગરિક સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાની સરકારની નેમ

ગાંધીનગર તા. ૧૧

વડાપ્રધાનશ્રીના 'નલ સે જલ' યોજના હેઠળ ગુજરાતના છેવાડાના નાગરિક સુધી પીવાનું શુદ્ધ પાણી નળ દ્વારા પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં ૬૩૧ ગામ અને ૭૬૮ ફળીયા મળી કુલ ૧૩૯૯ વસાહતો આવેલી છે. જે પૈકી નલ સે જલ યોજના અંતર્ગત ૧૨૧૭ વસાહતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે ૧૮૨ વસાહતોની આ યોજના પૂર્વે કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. નલ સે જલ યોજના અંતર્ગત કુલ ૧૨૧૭ વસાહતો પૈકી ૯૯૦ વસાહતોમાં યોજના કાર્યરત છે. આ સિવાય ૯૫ વસાહતોની યોજનાઓ ઓપરેટરના કારણે, ૯૩ વસાહતો વીજ જોડાણના કારણે, ૯ વસાહતોમાં જુથ યોજના પાણી અનિયમીત મળવાને કારણે, ૩૦ વસાહતોમાં પાણીના સ્રોત સુકાઈ જવા અથવા આવરો ઓછો થવાના કારણે કાર્યરત નથી. જ્યારે બાકી રહેતી ૧૮૨ વસાહતોમાં સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે જે બનતી ત્વરાએ પૂર્ણ કરાશે. મોટાભાગની કામગીરી જે તે ગ્રામ પંચાયતની પાણી સમિતિ દ્વારા જ કરવામાં આવી છે તેમ, પાણી પુરવઠા બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# ઠુમરીના પર્યાય હતાં ગિરિજા દેવી



જન્મ: ૮ મે ૧૯૨૯।
અવસાન: ૨૪ ઓક્ટોબર ૨૦૧૭

**— વ્યક્તિત્વ —**

ઠુમરી સામ્રાજ્ઞી ગિરિજા દેવીને તેમના ચાહકો પ્રેમથી 'અપ્પાજી' કહેતા હતા. ૮ મે ૧૯૨૯ના રોજ બનારસની નજીક આવેલા એક ગામડામાં જન્મેલા ગિરિજા દેવી ભારતીય શાસ્ત્રીય ગાયનના એવા રત્ન હતા જેમણે ખ્યાલ, ઠુમરી, ટપ્પા, કજરી, ચૈતીમાં નિપુણતા મેળવી હતી. ગિરિજા દેવીએ બાળપણમાં જ તેમનું સંગીતનું શિક્ષણ પ્રસિદ્ધ સારંગી વાદક સરજૂ પ્રસાદ મિશ્ર અને ચંદ્ર મિશ્ર પાસેથી મેળવ્યું હતું. ગિરિજા દેવી તેમને દાદા ગુરુ કહેતા હતા...

પૂરમ અંગ ગાયકીના આદર્શ ગિરિજા દેવીએ ઠુમરીની એક લાંબી પરંપરાને ચારે દિશામાં ફેલાવી હતી. ગાયન ક્ષેત્રે તેમણે આપેલા અમૂલ્ય યોગદાન બદલ તેમને ૧૯૭૨માં પદ્મશ્રી, ૧૯૮૯માં પદ્મભૂષણ અને ૨૦૧૬માં પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સેનિયા અને બનારસ ઘરાના સાથે સંકળાયેલા ગિરિજા દેવી, કદાચ એકમાત્ર એવા ગાયિકા હતાં જેમણે તેમની લાંબી કારકિર્દીમાં ભક્ત કવિઓ સાથે નિર્ગુણિયોને પણ ગાયા હતા. હે માં કારી બદરિયા બરસે પિયા નહીં આયે... નયન કી મત મારો તલવારિયા ઔર ઝૂલે બગિયા મેં રામ લલના રે... જેવી ઠુમરીની માંગ દરેક સ્ટેજ પર તેમની પાસેથી કરવામાં આવતી હતી. અલબત્ત, શરૂઆતમાં, તેઓ તેમની કારકિર્દીને આગળ વધારવા માટે કોલકાતામાં તેમના મામાના ઘરે રહ્યાં, પરંતુ બનારસ અને કાશી હંમેશા તેમના હૃદયમાં વસેલા હતા.

પાંચ વર્ષની ઉંમરે જ ગાવાનું શરૂ કરનારા ગિરિજા દેવીએ ખૂબ જ નાની ઉંમરે ખ્યાલ અને ટપ્પા ગાવામાં પોતાની અલગ ઓળખ બનાવી લીધી હતી. નવ વર્ષની ઉંમરે ગિરિજા દેવીએ એક ફિલ્મમાં અસ્પૃશ્ય છોકરીની ભૂમિકા પણ ભજવી હતી. ગિરિજા દેવીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, "મેં લગ્ન પહેલાં જ મારા પતિ પાસેથી સંમતિ મેળવી લીધી હતી કે તેઓ મને લગ્ન પછીથી ગીતો ગાવા દેશે. મારા પતિ પણ સંગીતના શોખીન હતા. મારા પતિએ શરત મૂકી હતી કે, કોઈપણ રાજા મહારાજાના અથવા ખાનગી કાર્યક્રમમાં નહીં ગાવાનું. મેં વચન આપ્યું હતું કે હું રેડિયો, મોટા સંગીત સમારંભ, શાળાઓ, ગુરુઓ, ભાઈઓ અને બહેનોના ઘરે ગીતો ગાઈશ અને બીજે ક્યાંય નહીં ગાઉં." ૧૯૪૯માં અલ્હાબાદ રેડિયો પરથી પ્રથમ વખત ગાયું હતું, પછી આરા, બનારસ અને દિલ્હીના સંગીત સમારંભમાં ભાગ લીધો.

ઠુમરીના સામ્રાજ્ઞીની કળાપ્રત્યેની નિષ્ઠા, જીવંતતા અને શાસ્ત્રીય સંગીત પ્રત્યેના પ્રેમનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, તેમણે જીવનના છેલ્લા વર્ષમાં પણ પોતાની ગાયકી રજૂ કરવાનું ચાલુ રાખ્યું હતું. ૮૮ વર્ષની ઉંમરે દિલ્હીમાં એક કાર્યક્રમમાં નવાબ વાજિદ અલી શાહનું ગીત 'બાબુ મોરા નૈહર છૂટો હી જાયે...' ગાયું હતું. આ ગીત પૂરું થતાંની સાથે જ તેમણે પોતાના પાનદાનમાંથી એક પાન કાઢીને મોઢામાં રાખ્યું અને કહ્યું- "તમે બધા આવ્યા છો તે ખૂબ સારું લાગ્યું. હવે મને ખબર નથી કે હું ફરીથી આવી શકીશ કે નહીં. હું નેવું વર્ષની થવા આવી છું." આ ઘટનાના બે મહિના પછી ૨૪ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ તેમણે આ દુનિયામાંથી ચિરવિદાય દીધી હતી. આજે પણ જ્યારે તેમની ગાયકી સાંભળવા મળે ત્યારે લાગે છે કે જાણે સૂરોના વરસાદમાં આપણને ભીંજાવાનો આનંદ મળી રહ્યો છે.

ગિરિજા દેવીના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોકવ્યકત કરતા કહ્યું હતું કે, "ગિરિજા દેવીજીના નિધનથી ખૂબ દુઃખ થયું છે, ભારતીય શાસ્ત્રીય સંગીતે તેના સૌથી સુરીલા અવાજમાંથી એક અવાજ ગુમાવ્યો છે. ગિરિજા દેવીના સંગીતે દરેક પેઢીને આકર્ષિત કરી હતી. ભારતીય શાસ્ત્રીય સંગીતને લોકપ્રિય બનાવવાના તેમના પ્રયાસો આપણને હંમેશા યાદ રહેશે.

# રાજયનાં ૧૦ શહેરોમાં તાપમાનનો પારો ૪૩ ડીગ્રીને પાર : જૂનાગઢ અગનભઠ્ઠીમાં ફેરવાયું



જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ સહિત રાજયભરમાં ગઈકાલથી કાળઝાળ ગરમીનો પ્રકોપ ઉતરી આવ્યો છે અનેજનજીવન પ્રભાવીત બન્યું છે. છેલ્લાકેટલાક સમય થયા અવારનવાર કમોસમી વરસાદને પગલે ઉનાળો શરૂ થયો હોવા છતાં લોકોને ગરમીનો અનુભવ થતો ન હતો અચાનક જ ગઈકાલથી કાળઝાળ ઉનાળાની શરૂઆત થઈ ગઈ હોય તેવું વાતાવરણ સર્જાયું હતું. જૂનાગઢ સહિત રાજયનાં ૧૦ શહેરોમાં તાપમાનનોપારો ૪૨ ડીગ્રી કરતા પણ વધારે પહોંચી ગયો હતો. જૂનાગઢનું ગઈકાલનું તાપમાન ૪૩.૪ ડીગ્રી રહયું હતુંઅને ગીરનાર પર્વત ઉપર ૪૭ડીગ્રી કરતા પણ વધુ તાપમાન રહેવા પામ્યું હતું. સૌરાષ્ટ્રમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવને પગલે એલર્ટ જારી કરવામાં આવેલ છે અને આરોગ્ય વિભાગ દ્વારા અને સરકારી તંત્ર દ્વારા માર્ગદર્શીકા જારી કરી લોકોને ગરમીની સામે સાવચેતીનાં પગલા જણાવવામાં આવેલ છે.

જૂનાગઢ સહિત રાજયભરમાં ગઈકાલે શરીરને દઝાડતી લુ વર્ષા સાથે ગરમીનું મોજુ પ્રસરી ગયું હતું અને લોકો અસહય તાપથી અકળાઈ ઉઠયા હતા. સવારનાં ૭ વાગ્યાથી જ ગરમીનું આક્રમણ શરૂ થયું હતુંઅને જેમ જેમ દિવસ ચડતોજતો હતો તેમ તેમ ગરમીમાં સપ્ન વધારો થવા પામ્યો હતો. બપોરનાં સમયે મોટાભાગનાં શહેરોમાં કર્ફયુ જેવું વાતાવરણ સર્જાયું હતું. કામ સિવાય લોકો બહાર નીકળતા ન હતા આખા દિવસ દરમ્યાન અસહય તાપ વરસી હતીઆજે પણ સવારથી જ જૂનાગઢ સહિત રાજયનાં વિવિધ શહેરોમાં ગરમીનો પ્રકોપ જારી રહેવાની આગાહી છે.

## વેરાવળમાં ચાંડુવાવના બુટલેગરને ૬૪ બોટલ વિદેશી દારૂ સાથે ઝડપી લેતી પોલીસ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૧

વેરાવળમાં પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન ચાંડુવાવ ગામના એક બુટલેગરને વિદેશી દારૂની બોટલો ૬૪ કીં.રૂા.૨૫,૬૦૦ તથા મોબાઈલ ફોન મળી કુલ રૂા.૩૦,૬૦૦ ના મુદામાલ સાથે ઝડપી લીધેલ છે જયારે આ દારૂનો જથ્થો મોકલનાર અને જેને આપવાનો હોય તે બન્નેને ઝડપવા ચક્રો ગતિમાન કરેલ છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત માહીતી મુજબ એ.એસ.આઈ. દેવદાનભાઈ આણંદભાઈ, પ્રતિપાલસિંહ ગીગાભાઈ, મેરામણભાઈ બીજલભાઈ, પો.કો. પ્રદિપસિંહ ખેર, વીશાલભાઈ પેથાભાઈ, મયુરભાઈ મેપાભાઈ, રોહીતભાઈ જગમાલભાઈ સહીતનો સ્ટાફ નાઈટ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન મળેલી બાતમીના આધારે જૂનાગઢ રોડ ઉપર હોટલ મધુરમ સામેના ભાગે કોથળા સાથે ઉભેલા શખ્સ દિપકકુમાર જીતુભાઈ મેસવાણીયા રહે.ચાંડુવાવ વાળાની તલાસી લેતા વિદેશી દારૂની બોટલો ૧૮ મળી આવેલ જે અંગે પુછપરછ કરતા વધુવિદેશી દારૂનીબોટલો ચાંડુવાવ તેમના નિવાસ સ્થાને હોવાનું જણાવતા ચાંડુવાવ ખાતેથી વધુ ૪૬ બોટલો મળી આવતા કુલ ૬૪ બોટલો કીં.રૂા.૨૫,૬૦૦ તથા મોબાઈલ ફોન મળી કુલ રૂા.૩૦,૬૦૦ ના મુદામાલ સાથે દિપકકુમારની ધરપકડ કરી વધુ કડક પુછપરછ કરતા આ દારૂના જથ્થો જૂનાગઢના વિજય રબારીએ આપેલ હોય જે વેરાવળના નયન ખારવાને આપવાનો હોવાનું જણાવતા આ બન્નેને ઝડપવા ચક્રો ગતિમાન કરેલ છે.

## જૂનાગઢમાં વિશ્વાસઘાત અને છેતરપીંડીની નોંધાઈ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢનાં આલીશાન એપાર્ટમેન્ટ ભાટીયા ધર્મશાળા રોડ ઉપર રહેતા રમીઝભાઈ સલીમભાઈ જેઠવા (ઉ.વ.૩૫)એ હિતેનભાઈ ધનેશા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરીયાદીએ લોન લેવાની હોય જેથી હિતેનભાઈ ધનોશાનો સંપર્ક કરતા આરોપીએ ફરીયાદીનો અગાઉનાં વર્ષનાં ઈન્કમ ટેકસ રીટર્ન ભરી આપવાનો વિશ્વાસ આપી અલગ અલગ રીતે રૂા.૫૦ હજાર ઈન્કમટેકસ રીટર્ન તથા રૂા. ૧૦૦૦ પેનલ્ટી તથા વહીવટી ખર્ચ પેટે લઈ અને ખોટા ઈન્કમટેકસ રીટર્ન બનાવી આ બોગસ દસ્તાવેજો ઈલેકટ્રીક કોમ્પ્યુટરથી બનાવી ખરા હોવાનું કહીફરીયાદીનો આપી છેતરપીંડી અનો વિશ્વાસઘાત કર્યો હોવાની ફરીયાદ નોંધાવવામાં આવતા બી ડીવીઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ એન.એ. શાહ ચલાવી રહયા છે.

## જૂનાગઢ મહાનગરપાલિકાના સ્થાયી સમીતીના ચેરમેન હરેશ પરસાણાને હાર્ટ એટેક આવતા સારવાર હેઠળ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ મહાનગરપાલિકાની સ્થાયી સમિતીના ચેરમેનને હાર્ટ એટેકે આવતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ અંગે મળતી વિગત મુજબ ગઈકાલે સ્થાયી સમિતીની બેઠક મળી હતી. સામાન્ય રીતે આ બેઠક મનાપાના ઉપરના માળેયોજાતી હોય છે. પરંતુ ગઈકાલે સ્થાયી સમિતીના ચેરમેન હરેશભાઈ પણસારાની તબિયત થોડી લૂઝ હોવાનું જણાતા સ્થાયી સમિતીની બેઠક મેયરની ચેમ્બરમાં જ બોલાવાઈ હતી. બેઠક પુરી થતા જ હરેશભાઈએ છાતીમાં દુઃખાવાની ફરિયાદ કરતા તેમની જ્યાં દવા ચાલુહતી તે ડોકટર પાનસુરીયાને જાણ કરી હતી. જોકે, ડો. પાનસુરીયા ન હોય ડો. ભરત ઝાલાવાડીયાની હોસ્પિટલે મોકલાયા હતા. અહિં તેમણે સંતુલન ગુમાવતા પડી ગયા હતા. બાદમાં ડોકટર, કમ્પાઉન્ડર વગેરેએ હરેશભાઈને સોફામાં સુવાડ્યા હતા. બાદમાં કાર્ડિયોગ્રામ કરતા ૧ નળી બ્લોકેજ હોવાનું જણાયું હતું. બાદમાં ડો. અઘેરાની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં તેમને એટેકે આવ્યો હોવાનું તેમજ ૩ નળી બ્લોક હોવાનું જણાતા સારવારમાં દાખલ કરાયા છે. દરમ્યાન હરેશભાઈ પણસારાનેહાર્ટ એટેકેઆવ્યાની જાણ થતા અનેક લોકો તેમની ખબર અંતર પૂછવા હોસ્પિટલે દોડી ગયા હતા. જોકે, હાલ તેમની સ્થિતીમાં સુધારો હોવાનું જણાવાઈ રહ્યું છે.

### સોમનાથ એ સમગ્ર વિશ્વ માનવજાતની ધરોહર છે

## સોમનાથ મહાદેવ જળાભિષેકમાંથી બનતો શિવ ગંગા પ્રોજેકટ એટલે અદભુત પવિત્ર ધાર્મિક કથા સાથે પર્યાવરણ શુધ્ધિનો સમન્વય : જય વસાવડા



(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૧

ગુજરાત અને દેશ-વિદેશમાં જાણીતા લેખક-વકતા-વ્યાખ્યાતા-એન્કર જય વસવાડાએ અત્રેના ભારતના બાર જયોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ મંદિરની મુલાકાત લઈ દર્શન-વંદન ભાવભકિત સાથે કરી તેમણે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, મારા પિતા સોમનાથના પરમ ભકત હતા અને જયારે તેઓની તબીયત સારી ન હતી ત્યારે તેણે સોમનાથ જવા જણાવતા વ્હીલચેર ઉપર લઈ જઈ સોમનાથ દર્શન કરાવ્યા હતા. સોમનાથ એ ભારતીય સંસ્કૃતિનું ઉત્તમ સ્થાન છે એટલું જ નહી સમગ્ર વિશ્વના માનવજાતનું શ્રેષ્ઠ ધરોહર છે. સોમનાથ દર્શનથી મન પ્રસન્નતાથી ભરાયું અને ટ્રસ્ટની વિવિધ સેવાલક્ષી પ્રવૃતિઓ જાણી અનુભવાયું કે ધર્મ તમારે માટે રચનાત્મક જીવનનો રસ્તો બનાવે છે. ભગવાન સોમનાથને કરાતા જળાભિષેકમાંથી બનતા શિવ ગંગા પ્રોજેકટ વિષે તેમણે જાણ્યું ત્યારે તેમનાથી બોલાઈ જવાયું કે અદભુત આ મારે માટે પહેલીવાર જાણવા મળ્યું. સોમગંગા એટલે ભગવાન શિવને જે જળ ચઢાવવામાં આવે છે જે જળમાં બિલીપત્ર, ભસ્મ, પુષ્પ, દુધ, પંચામૃત યુકત હોય છે.તેને જળાધારીથી ઉપયોગમાં લેવાયેલા જળને ધાર્મિક પ્રતિમા સમીપ ફીલ્ટરથી શુધ્ધ કરી તેમાંથી શુધ્ધ જળ બની શિવગંગા બને છે. આસ્થા-શ્રધ્ધાળુઓ પોતાના રહેઠાંણ-દુકાન કે ઓફીસામાં છાંટી ભગવાનની જળ પ્રસાદીથી શાંતી ધન્યતા અનુભુતી કરે છે. ભારતના ભવ્ય-દિવ્ય વારસાને નવા કાયાકલ્પ સાથે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશી વિશ્વનાથ, અંબાજી, પાવાગઢ સહિતના તીર્થોનો સૌંદર્યકરણ કરીનો જ નાહી તે સ્થળોએ સુવિધાઓ અને સગવડતા ભર્યા બનાવી જે કાર્યો કર્યા છે તે ખુબ જ પ્રસંશનીય છે.

## જૂનાગઢમાં સગીરાને ભગાડી જવાના કેસમાં આરોપીનાં જામીન ના મંજુર

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢમાં સગીરાનો ભગાડી જવાના કેસમાં નામદાર અદાલતે ગઈકાલે આરોપીનાં જામીન નામંજુર કર્યા છે આ બનાવ અંગેની પ્રાપ્ત વિગતઅનુસાર જૂનાગઢમાં અજય ઉર્ફે સલમાન ભરત પંડયા નામના શખ્સ સામે સગીરાને ભગાડી જવાના ગુનામાં પોકસો સહિતની કલમ લાગુ કરી પોલીસે તેની અટક કરી હતી અને ત્યારબાદ આરોપી અજયે જૂનાગઢ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી આ કેસની સુનાવણીમાં યુવક સગીરાનો લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો અને તે બે ઓળખ ધરાવતો હોવાની સાથે ગુનાહિત પ્રવૃતિઓની ટેવ પણ ધરાવતો હોય તેમજ ખોટી ઓળખ ઉભી કરી ગુનો તેણે આચર્યો હોવાની સરકારી વકીલે કોર્ટ સમક્ષ જણાવ્યું હતું આ ઉપરાંત આ શખ્સો અમરેલી, જૂનાગઢ, રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ટાયર ચોરી ગેંગસાથે પણ જોડાઈને અનોક ગુનામાં સંડોવાયેલ હોવાનું સરકારી વકીલે અદાલતનો જણાવ્યું હતું.

આમ સરકારી વકીલ એસ.ડી. જોટાણીયાની દલીલોને ગંભીરતા પુર્વક ધ્યાને લઈ જૂનાગઢનાં ત્રીજા એડી. સેશન જજ બીના ચંદુભાઈ ઠકરારે અજય ઉર્ફે સલમાન ભરત પંડયાની જામીન અરજી નામંજુર કરી હતી.

## ભવનાથ ખાતે આવેલ ખાખચોકની જગ્યાનાં મહંત રામદાસ બાપુ મહામંડલેશ્વર પદથી વિભૂષિત થયા

### સંતો-મહંતો અને સેવકગણની ઉપસ્થિતિમાં નવનિયુકત મહામંડલેશ્વરને જયઘોષ સાથે વધાવી વંદન કર્યા



જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ નજીક ભવનાથ તિર્થક્ષેત્ર ખાતે આવેલા ખાખચોકનાં આશ્રમ ખાતે રામકથાની પૂર્ણાહુતિ પ્રસંગે જગ્યાનાં મહંત રામદાસજી બાપુની મહામંડલેશ્વર તરીકે વરણી થતાં દેશભરમાંથી ઉપસ્થિત સંતો-મહંતો અને ભાવિકોએ મહામંડલેશ્વરનો જયઘોષ સાથે વધાવી અને વંદન કર્યા હતાં.

ભવનાથ ક્ષેત્રમાં આવેલા ખાખચોક આશ્રમ ખાતે ખાખી હનુમાનજીનાં સાંનિધ્યમાં ગત તા. ૧થી શ્રીરામચરીત માનસ નવાન્હ પારાયણ યોજવામાં આવી હતી. કથાનાં વકતાતરીકે વાવોલ (ગાંધીનગર) આશ્રમનાં મહામંડલેશ્વર મધુસુદન બાપુએ સુંદર શૈલીમાં દરેક પ્રસંગોનુંનિરૂપણ કર્યુહતું. દરમ્યાન કથાનાં અંતિમ દિવસે સંતો-મહંતો અને વિશાળ સેવક ગણની હાજરીમાં સંત સંમેલન અને ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજનાં ૪ કલાકે રાજયભાષિકનો કાર્યક્રમ યોજાયો હતો અને કથાની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. આ દરમ્યાન ખાખચોકનાં મહંત રામદાસજી બાપુની મહામંડલેશ્વર પદે વરણી કરવામાં આવી હતી. આ તકે ૧૯૮૯થી ગુરૂભાઈ અને મિત્ર અને સંતભાવ સાથે રહેલા સંતો ઉપસ્થિત રહયા હતાં. શરળ સ્વભાવ, લાગણીભર્યુ જીવન અને એકદમ નિરામય એવા સંતને ૧૦૦૮ મહામંડલેશ્વરનું પદ પ્રાપ્ત થતાં ઉત્સાહનો માહોલ પ્રવત્યો હતો. આ તકે હરીનંદનસ્વામી તથા પુજારી કોઠારી સ્વામી જયપ્રકાશનાથજી (જે.પી. સ્વામી) તથા સુરતનાં ડો. જીવરાજભાઈ, હરીશભાઈ પટોળીયા, નિકુંજભાઈ જસાણી, ભવદીપભાઈ તથા જનકભાઈ પુરોહીત સાથે રહી અને સેવાનાં મેખધારી બાપુને સન્માનપત્ર આપી હર્ષની લાગણી અનુભવી હતી. સંત વિરકત મંડળનાં સ્થાપક પ્રમુખ સ્થાનો રામદાસજી બાપુ બિરાજમાન છે ત્યારે આવા મહાન સંતને કોટી કોટી વંદના કરવામાં આવી છે. રામદાસ બાપુનો મહામંડલેશ્વર પદે બિરાજમાન કરવામાં આવ્યા હતાં તે પ્રસંગે સંતો, ભાવિકોની વિશેષ હાજરી રહી હતી. આ તકે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં તંત્રી અભિજીત ઉપાધ્યાય તથા મહાસાગર ટ્રાવેલ્સનાં એમડી કાળુભાઈ સુખવાણી ઉપરાંત કેળવણીકાર જી.પી. કાઠી, કે.ડી. પંડયા પણ ઉપસ્થિત રહયા હતાં.

## જૂનાગઢનાં ખામધ્રોળ નજીકથી વરલી મટકાનાં જુગારમાં ઝડપાયો

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પોલીસ કોન્સ્ટેબલ રમેશભાઈ ગોવિંદભાઈએ જાતે ફરીયાદ બને રાકેશ વીરાભાઈ ચાવડા (ઉ.વ.૩૮) રહે. ખામધ્રોળ રોડ વાળા વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપીએ જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડી કુલ રૂા. ૧૧૧૮૦નાં મુદામાલ સાથે રેડ દરમ્યાન પોલીસનાં હાથે ઝડપાઈ ગયેલ છે અને બી ડીવીઝન પોલીસે તેના વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં હે.કો. બી. કે. ઓડેદરા ચલાવી રહયા છે.

## જૂનાગઢમાં બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવવા માટે વિનામુલ્યે મેગા કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

નિર્મલ આરોગ્ય કેન્દ્ર જૂનાગઢ તથા શ્રી માધવ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. જૂનાગઢ દ્વારા તા.૧૩-૫-૨૦૨૩નો શનિવારના રોજ નિર્મલ આરોગ્ય કેન્દ્ર, કમળા ભવન, જગમાલ ચોક, જૂનાગઢ ખાતે સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી સુવર્ણ પ્રાશનના ટીપા ૧ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને પીવડાવવામાં આવશે. બાળકોની શારીરીક ક્ષમતા તેમજ બૌધ્ધિક વિકાસ માટે સુવર્ણ પ્રાશનના ટીપા ખુબ જ ઉપયોગી છે. જૂનાગઢ શહેરમાં વસતા દરેક નાગરિકોના બાળકો માટે સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવવા માટેવિનામુલ્યે મેગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તો વધુમાં વધુ પરિવારો આ કેમ્પમાં તેમના સંતાનોના માનસીક તથા શારીરીક વિકાસ માટે ભાગ લેવાની અપીલ શ્રી માધવ ક્રેડીટ સોસાયટીના પ્રમુખ ઉનડકટ દ્વારા કરવામાં આવે છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માપસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



શ્રી મયારામદાસજી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી મયારામદાસજી આશ્રમ, ગિરનાર રોડ, જૂનાગઢ

**પ્લોટ ભાડે આપવાનો છે**

શ્રી મયારામદાસજી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની માલીકીનો ગિરનાર દરવાજાપાસે ગાયત્રી સોસાયટીનાં આગળનાં ભાગે આવેલ રોડ ટચ પ્લોટ નં. ૬૪, જમીન ચોરસવાર ૩૩૩.૦૩ છે. જે ત્રણ વર્ષનાં ભાડા પેટે જે છે તે સ્થિતિમાં ભાડા કરારથી ભાડે આપવાનો છે. તો જે પાર્ટી ભાડે રાખવા ઈચ્છતી હોય તેવી પાર્ટીનો પોતાનાં નામ, સરનામા સાથે લેટરપેડ ઉપર માસિક ભાડુ જે આપવા માંગતા હોય તે ભાવ લખી બંધ કવરમાં ઉપરનાં સરનામે તા. ૧૯-૫-૨૦૨૩ સુધીમાં પહોંચાડવાનાં રહેશે

આચાર્યટ્રસ્ટી

મયારામજી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, જૂનાગઢ



ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



